જાહેરાત, પ્રેસનોટ તેમજ અખબાર
મેળવવા માટે સંપર્ક કરો

સમગ્ર ગુજરાતમાં
પત્રકારો તેમજ પ્રેસ
પ્રતિનિધિઓ
નિમવાના છે.

સુરત :- ૧૬૧, શિવઓમનગર, મેરૂ
લક્ષ્મી મંદિર રોડ, તાડવાડી, રાંદેર
મો. ૭૫૭૪૮ ૮૮૮૬૧, ૮૪૦૧૦ ૧૮૬૫૬

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર

E-PAPER

● તંત્રી : ધનંજય ઝવેરી ● બ્યૂરો ચીફ : રવિ પટેલ

વિ. સં. ૨૦૭૫ । શુક્રવાર । તા. ૩૦-૧૧-૨૦૧૮ । વર્ષ : ૧૫ । પાના : ૧૦ । છૂટક નકલ : ૩ રૂ. । વાર્ષિક લવાજમ : ૨૫૧ રૂ.

માલિક-મુદ્રક-પ્રકાશક-તંત્રી : ધનંજય ઉમેશચંદ્ર ઝવેરીએ Maruti Printers, 13, Pritam Soc.-1, Nr. Kasak Fuwara, Bharuch ખાતે છપાવી જંગ-એ-ગુજરાત કાર્યાલય - ૧૩, પ્રિતમનગર સોસાયટી-૧, કસક, ભરૂચ-૨ ખાતેથી પ્રસિદ્ધ કર્યું. Registered under R.N.I. NO. GUJGUJ/2004/15636 Permitted to Post at BHARUCH RMS on Date 10, 17, 24, 31 Every Month Under Postal Registration No. : L1/BCH-57/16-18, Valid up to 31-12-2018, Mob. : 99047 33000, 75750 06850, E-mail : jung_e_gujarat@yahoo.com (ન્યાયક્ષેત્ર ભરૂચ કોર્ટને આધિન)

MARUTI SUZUKI
કોમેટ મોટર્સ
(ઓથોરાઈઝડ ડીલર)
22 YEARS OF EXCELLENCY IN SERVICE
CELEBRATING IN ASSOCIATION WITH
34 YEARS OF EXCELLENCY IN AUTOMOBILES
COMET MOTORS MARUTI SUZUKI AUTHORISED DEALER
MARUTI SUZUKI Way of Life!
બમરોલી રોડ, પાંડેસરા
90999 16038
● કતારગામ ● ઓલપાડ ● વ્યારા ● સોનગઢ

જયપુર ઉદયપુર ઠાણે મનાલી શિમલા બેંગલૂરૂ કોવલમ
ગોવા અને માલેદીવ સ્પેશિયલ ફેસ્ટિવલ પેકેજ
The Byke A HOTEL RETREAT
STAY GREEN • STAY EVERGREEN
Call Now: +91 80807 00999 +91 75063 37533
Email: sales@thebyke.com www.thebyke.com

Let's have FUN @
Fun Funta Fun
THE AMUSEMENT THEME PARK
હજીરા રોડ, સુરત. 99049 80234
ચાલો, તો ત્યાંજ જઈએ

જર્મનીની BRT અને અમેરિકાની લેસર સારવાર
હવે રાંદેર રોડ પર પણ
ઘુંટણનાં દુઃખાવાથી આજીવન મુક્તિ
ઓપરેશન અને દવા વગર
ઘુંટણ તથા મણકાની સારવારનાં નિષ્ણાંત
BRT અને લેસર સારવારનાં નિષ્ણાંત ૨૦ વર્ષનો અનુભવ
આધુનિક વૈજ્ઞાનિક લેસર સારવાર જે અમેરિકાના વૈજ્ઞાનિકોએ શોધી છે હવે ભારતમાં સૌ પ્રથમ સ્પાઇનેક્સ ખાતે ઉપલબ્ધ
ડો. નીરજ ભણશાળી
Spinex Let Your Spine Breathe
શ્રીમતી શારદાબેન ચોખાવાળા ફિઝિયોથેરાપી અને રીહેબીલીટેશન સેન્ટર અંધજન શિક્ષણ મંડળ, ઘોડદોડ-રોડ, સુરત.
ઘોડદોડરોડ બ્રાંચ : ૮૦૦૦૨ ૦૦૦૬૧, ૮૦૦૦૨ ૦૦૦૬૨
અડાજણ બ્રાંચ : ૮૦૦૦૨ ૦૦૦૬૩, ૮૦૦૦૨ ૦૦૦૬૪
વર્ધમાન સ્ટીલની બાજુમાં, મેરૂલક્ષ્મી મંદિરની ગલી, ફ્રેન્ડસ કલાસીસની પાછળ, તાડવાડી, સુરત.

Since 1984
SBV
An ISO - 9001 : 2000 Certified
ADMISSION OPEN
From 1st DECEMBER
ACADEMIC YEAR 2019-2020
ENGLISH MEDIUM GSEB (NURSERY ONLY)
ગ્લોબલ ગુજરાતી મીડિયમ (ફક્ત નર્સરી)
Time : 8 am - 10 am
PHOTOCOPY OF BIRTH CERTIFICATE IS MUST
CHILD MUST COMPLETE 3 YEARS BY 01.06.19
Managed by Shree Hariram Charitable Trust
Sanskar Bharti Vidhyalaya
English Medium (GSEB) / ગુજરાતી મીડિયમ
Palanpur Patia, Rander Road, Surat-395006. Phone: 276 9553 / 276 9695
www.sbvsurat.org E-mail: sbvsurat@yahoo.in

અર્હમ્ બંગ્લોઝ
હવે સપના થશે સાકાર, અર્હમ્ બંગ્લોઝ ના સથવારે...
Master of Consistency and Quality...
@ બામરોલી રોડ
કોર્મસ કોલેજ અને ડિપ્લોમા કોલેજ ની નજીક
2 & 3 BHK
Luxurious Bungalows
શાયોના ડેવલોપર્સ
(RP Construction Group)
Er. Ronit Patel (M.E.Civil)
Er. Nirdesh Patel (B.E.Civil)
Priyankar Bavishi
Paresh Barot
- ૧૨૫ ચો. વાર - ફોર સાઇડ ઓપન - એટ્રેક્ટીવ એલીવેશન
- આર.સી.સી. વર્ક - લેટેસ્ટ ટેકનોલોજી વાળુ બાંધકામ
- વાસ્તુશાસ્ત્ર પ્રમાણે બાંધકામ
- કંસ્ટ્રકશન મલ્ટીનેશનલ કંપનીના અનુભવી એન્જીનીયર દ્વારા
Our Services :
Consultancy Planning
Construction Interior Design
Renovation 3D Elevation
Structure Design Walk Through
સાઇટ : અર્હમ્ બંગ્લોઝ, શ્રીજી નગરની પાછળ, જલારામ નગર નજીક, બામરોલી રોડ, ગોધરા.
ઓફીસ : અમી કલેકશન ચિત્રા રોડ, ગોધરા
કોન્ટેકટ : ૯૫૮૮૦ ૦૮૪૯૨, ૯૮૨૫૫ ૭૧૬૧૬

HONDA The Power of Dream
સાજન હોય ત્યાં સપના
માનસી મોટર્સ રજુ કરે છે...
અંકલેશ્વર GIDC તથા આસપાસના માનવંતા રહિશોની ઉત્કૃષ્ટ સેવા માટે હોંડા ટુ-વ્હીલરની નવી બ્રાંચ
તા.૨૩.૧૧.૨૦૧૮ (શુક્રવાર)
(સમય : સવારે ૧૧:૦૦ કલાકે)
:: સ્થળ ::
G/25/26/27, ગણેશ આર્કેટ, ૫૦૦ કવાર્ટર્સ રોડ, GIDC, અંકલેશ્વર.
જ્યાં હોંડા ટુ-વ્હીલરના તમામ મોડલ હાજર સ્ટોકમાં મળશે તથા દરેક મોડલ ની સર્વિસ પણ ઉપલબ્ધ રહેશે.
માનસી મોટર્સ
અંકલેશ્વર : રાજકમલ આર્કેડ, જીઆઈડીસી સ્ટેશન રોડ, મેત્રા ઓટોમોબાઈલસની સામે, જુનો ને.હા.નં. ૮, ફોન : (૦૨૬૪૩) ૨૨૦૬૪૫, મો. ૯૨૨૭૨૮૫૬૦૦, ૯૨૨૭૨૮૫૬૦૧
બ્રાન્ચ : શોપ નં. ૧,૨,૩ નગરપાલિકા શોપિંગ સેન્ટર, ગણા ૨૨તા સર્કલ, અંકલેશ્વર. ફોન નં.: (૦૨૬૪૩) ૨૪૪૬૦૪, મો. ૭૫૭૫૮૦૦૨૬૦ , ૭૫૭૫૮૦૦૩૬૦

નવા રંગરૂપ અને વોટર પાર્ક સાથે
મોદી રીસોર્ટસ & એન્ટરટેઈનમેન્ટ પાર્ક (ગુજ.) પ્રા. લિ.
ઉભરાટ બીચ - નવસારી
www.modiresorts.com
સ્કુલ, ગ્રૃપ પ્રવાસ તથા લગ્નપ્રસંગ માટે ઉત્તમ રીસોર્ટસ
Ph.: 99250 08830 97272 56004

અમારા આંગણે ઉજવો હર્ષભર્યો અવસર "સ્વર્ણિમ ગુજરાત"
ઠંડા ઠંડા કૂલ કૂલ
Wahooo!
વડોદરામાં વન ડે..
AJWA FUNWORLD & RESORT LTD.
આજવા વૉટરપાર્ક એન્ડ ફનવર્લ્ડ
AJWA - NIMETA ROAD, BARODA.
PH.0265-2434864 (M) 9824232382
સીટી ઓફિસ : ટાવર 'A', કુંજ પ્લાઝા, રાજમહેલ રોડ, વડોદરા.
પ્રકૃતિના સમીપે રહેવાની મજા
આજવા ગ્રીન રીસોર્ટ
AC/NON AC ROOMS
તદ્દન નવી રાઈડ્સ સાથે ફાસ્ટફૂડની મજા
XTREME FUN
ફૂલ ડે.. પિકનીક ડે
ADERT

કપડવંજ તાલુકાના મીરાપુરામાં કલેક્ટર સુધિર પટેલની ઉપસ્થિતિમાં રાત્રિ સભા યોજાઇ







રત્નાકર માતાથી કપડવંજ તરફ જવાનો રસ્તો બનાવવા સહિત ગામમાં આંગણવાડીનું મકાન બનાવવા ગ્રામજનોની રજૂઆત

નડિયાદઃ ખેડા જિલ્લાના ગામડાઓમાં રાત્રિ સભા યોજવાની નવતર પહેલના ભાગરૂપે કપડવંજ તાલુકના મીરાપુર ગામે કલેક્ટર સુધિર પટેલની ઉપસ્થિતિમાં રાત્રિ સભા યોજાઇ હતી.

મીરાપુરમાં યોજાયેલ રાત્રિ સભામાં ગ્રામજનોએ કલેક્ટર સમક્ષ સીમ તથા ગૌચરના દબાણો દુર કરવા, ગામમાં આંગણવાડીનું મકાન બનાવવા, ગામમાં રસ્તાઓ બનાવવા, પીવાનું પાણી, જમીનની રીસર્વે, ખોટા બી.પી.એલ. કાર્ડ રદ કરી પાત્રતા ધરાવતા લાભાર્થીઓને બી.પી.એલ. કાર્ડ આપવા, ગામમાં પીવાના પાણીની સુવિધાઓ, વેણીપુર બોરથી સીધુ જ સપમાં પાણી નાખી ગામમાં પીવાનું પાણી પુરૂં પાડવા તેમજ ગામમાં નિયમિત ગ્રામસેવક હાજર રહે અને રત્નાકર માતાથી કપડવંજ તરફનો જવાના રસ્તાને પાકો બનાવવા અંગેની રજૂઆતો કરી હતી.

કલેક્ટર સુધિર પટેલે ગ્રમજનો દ્વારા રજૂ કરવામાં આવેલ પ્રશ્નોને સાંભળી સમય મર્યાદામાં હકારાત્મક ઉકેલ કરવા સંબંધિત અધિકારીઓને સૂચનાઓ આપી હતી. કલેક્ટરએ જણાવ્યું કે, ગામમાં આગણવાડીનું મકાન મંજૂર કરવામાં આવ્યું છે. જરૂરી પક્રિયા પૂર્ણ થયા બાદ બાંધાકામ શરૂ કરવામાં આવશે.

રાત્રિ સભામાં અધિકારીઓ દ્વારા રાજય/કેન્દ્ર સરકારની વિવિધ યોજનાકીય માહિતી આપવામાં આવી હતી.

આ રાત્રિ સભામાં નિવાસી અધિક કલેક્ટર રમેશ મેરજા, પ્રાંત અધિકારી ડાં.અનિલ ધામેલિયા, મામલતદાર કે.એમ.પરમાર, તાલુકા વિકાસ અધિકારી સહિત ગામના સરપંચ, તલાટી અને મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહયા હતા.

થલેડીમાં મહિલાઓના અધિકારો અંગે કાનૂની શિબિર યોજાઇ



નડિયાદઃ વસો તાલુકાના થલેડી ખાતે જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, જિલ્લા ન્યાયાલય, નડિયાદ તથા તાલુકા કાનૂની સેવા સમિતિ વસોના સંયુક્ત ઉપક્રમે મહિલાઓના અધિકારો અંગે કાનુની શિબિર યોજાઇ હતી.

કાનૂની સેવા સત્તા મંડળના સેક્રેટરી પી.એસ.સિંધી એ મહિલાઓને મળતી મફત અને સક્ષમ કાનૂની સહાય કેવી રીતે અને કોને મળે તે અંગે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું. વકીલશ્રી ડી.એસ. વણકરે મહિલાઓને મળતા અધિકારોની વિગતવાર માહિતી આપી હતી.

વકીલ બી.ડી.વ્યાસે ગુજરાત વિક્ટીમ કંમ્પેસેશન સ્કીમ-૨૦૧૬ અંગે, જે.એસ.મેકવાને સિવીલ કેસો તેમજ સુખાધિકાર અંગે સમજ આપી હતી.આ કાનૂની શિબિરમાં વસોના મુખ્ય સિવિલ જજ આર.વી.વૈશ્ય, બાર એસોશિયેશનના પ્રમુખ અશ્વિનભાઇ મહિડા, કે.એમ.પટેલ, બી.એમ. મકવાણા સહિત વિશાળ સંખ્યામાં મહિલાઓ અને ગ્રામજનો હાજર રહયા હતા.

તા.૧લી ડિસેમ્બરે વલસાડ ખાતે વિશ્વ એઇડસ દિનની ઉજવણી કરાશે

તા.૧લી ડિસેમ્બરે વિશ્વ એઇડસ દિવસની આખા વિશ્વમાં ઉજવણી કરવામાં આવે છે. જે નિમિત્તે વલસાડ શહેરમાં વલસાડ રકતદાન કેન્દ્ર દ્વારા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરાયું છે.જે અનુસાર તા.૧લીએ સવારે ૮-૦૦ થી ૧૦-૦૦ કલાક દરમિયાન વલસાડ શહેરના કલ્યાણબાગ સર્કલ, પોસ્ટ ઓફિસ સર્કલ, ડી.એસ.પી.સર્કલ અને ટાવર સર્કલ ખાતે વાહનચાલકોને રેડ રીબન બાંધી જનજાગૃતિ લાવવાના પ્રયાસો કરાશે. સવારે ૧૧-૦૦ કલાકે વલસાડના સરકારી અધિકારી/કર્મચારીઓને તેમની કચેરીઓમાં જઇ રેડ રીબીન બાંધવામાં આવશે. આ ઉપરાંત મોંઘાભાઇ હોલ, વલસાડ ખાતે સાંજે ૬-૦૦ કલાકે એચ.આઇ.વી. એઇડસથી મૃત્યુ પામેલાઓને શ્રદ્ધાંજલિ આપવા માટે કેન્ડલ લાઇટનો કાર્યક્રમ યોજાશે. જેમાં સૌને સહયોગ આપી ઉપસ્થિત રહેવા વલસાડ રક્તદાન કેન્દ્રના માનદ મંત્રી ડૉ.યઝદી ઇટાલીયાએ અનુરોધ કર્યો છે.

વલસાડથી રેલ્વે રેક મારફતે કચ્છમાં વિપુલ પ્રમાણમાં ઘાસ ઠલવાઇ રહ્યું છે



આજે ૧૨મી રેલ્વે રેક દ્વારા વધુ ૪.૨૫ લાખ કીલો ઘાસ કચ્છ આવી પહોંચ્યું
કચ્છમાં ૩.૧૧ કરોડ કીલો ઘાસચારાનું વિતરણ કરી દેવાયું
ગૌશાળા-પાંજરાપોળોને રૂ. ૩.૫૪ કરોડ સબસીડી ચૂકવાઇ

ભુજ : કચ્છની અછતની પરિસ્થિતિમાં પશુધન માટે વલસાડથી રેલ્વે રેક દ્વારા કચ્છમાં સતત વિપુલ પ્રમાણમાં ઘાસચારો ઠલવાઇ રહ્યો છે. રાજય સરકાર દ્વારા કચ્છના વિશાળ પશુધનને ઘાસચારો અને પાણીની કોઇ પ્રકારે તકલીફ ઊભી ન થાય તે માટે સતત ચિંતા સેવીને આયોજનબધ્ધ કામગીરી હાથ ધરાઇ છે. કચ્છ જિલ્લા વહીવટીતંત્રના તે દિશામાં સતત પ્રયાસોના પરિણામે આજે ૧૨મી રેલ્વે રેક દ્વારા વધુ ૪.૨૫ લાખ કીલો ઘાસ કચ્છ આવી પહોંચ્યું છે.

જિલ્લા કલેકટર રેમ્યા મોહને કચ્છમાં ઘાસચારાની પરિસ્થિતિ અંગે આજે વિગતો આપતાં જણાવ્યું હતું કે, વલસાડથી અત્યાર સુધીમાં રેલ્વે રેક દ્વારા જ ૪૨.૫૯ લાખ કીલો ઘાસ-ડાંગર પરાળનો જથ્થો કચ્છમાં લાવવામાં આવ્યો છે.ઉપરાંત વલસાડથી ટ્રકોના પરિવહન મારફતે પણ ઘાસનો અવિરત જથ્થો હાંસલ થઇ રહ્યો છે. વલસાડથી રસ્તા માર્ગે ૪૧.૮૭ લાખ કીલો ઘાસ કચ્છમાં લવાતાં રેલ્વે રેક અને ટ્રક પરિવહન દ્વારા વલસાડથી જ ૮૪.૪૬ લાખ કીલો ઘાસ-ડાંગર પરાળનો જથ્થો કચ્છમાં પરિવહન થઇ ચૂકયો છે.તેમણે વધુમાં કહ્યું હતું કે, રાજય સરકાર દ્વારા ૩.૭૨ કરોડ કીલો ઘાસ કચ્છને ફાળવાયું છે. સૌરાષ્ટ્રના વિવિધ જિલ્લાઓમાંથી વન વિભાગ દ્વારા ફાળવાયેલ જથ્થામાંથી ૧.૮૮ કરોડ કીલોગ્રામ કુલ ઉપાડ સાથે આજ સુધીમાં ૩.૧૧ કરોડ કીલો ઘાસચારાનું કચ્છમાં વિતરણ કરી દેવાયું છે.આ ઉપરાંત કચ્છની ગૌશાળા-પાંજરાપોળોને ૩૮.૪૦ લાખ કીલો ઘાસનું વિતરણ કરાયું છે. સાથો-સાથ ૧લી ઓકટોબર, ૨૦૧૮થી ઢોરદીઠ રૂ. ૨૫/- પ્રતિદિન લેખે સબસીડી ચૂકવવાના રાજય સરકારના નિર્ણય અનુસાર કચ્છની ગૌશાળા-પાંજરાપોળોને રૂ. ૩.૫૪ કરોડ સબસીડી પણ ચૂકવી દેવામાં આવી છે.

દક્ષિણ ગુજરાત વીજ કંપની દ્વારા લોકદરબાર યોજાશે

દક્ષિણ ગુજરાત વીજ કંપની લી.ના ગ્રાહકોના વીજળીને લગતા પ્રશ્નોના નિકાલ અર્થે વલસાડ વર્તુળ કચેરીના તાબા હેઠળની વિભાગીય કચેરીઓ દ્વારા વલસાડ અને નવસારી જિલ્લાના વિવિધ સ્થળોએ લોક દરબારનું આયોજન કરાયું છે. જે અનુસાર તા.૬/૧૨/૧૮ના રોજ સવારે ૧૦-૩૦ કલાકે સમસ્ત ધોડિયા સમાજ હોલ, અટકપારડી, વલસાડ ખાતે બીલીમોરા, આંતલીયા, ચીખલી, રાનકુવા, ખેરગામ, ડુંગરી, રોણવેલ પેટા વિભાગીય કચેરીના વિસ્તારોના ગ્રાહકો માટેનો લોકદરબાર યોજાશે, જે અંગેના પ્રશ્નો સ્વીકારવાની છેલ્લી તારીખ ૧/૧૨/૨૦૧૮ છે. તા.૭/૧૨/૧૮ના રોજ સવારે ૧૦-૩૦ કલાકે ધોડીપાડા સાંસ્કૃતિક મંડળ હોલ, તા.ઉમરગામ ખાતે સરીગામ, ભિલાડ, ઉમરગામ, વાપી જીઆઇડીસી પેટા વિભાગીય કચેરીના કાર્ય વિસ્તારોના ગ્રાહકો માટેનો લોકદરબાર યોજાશે. જે અંગેના પ્રશ્નો સ્વીકારવાની છેલ્લી તારીખ ૩/૧૨/૨૦૧૮ છે.

તા.૧૦/૧૨/૧૮ના રોજ સવારે ૧૦-૩૦ કલાકે કપરાડા, નાનાપોંઢા, ધરમપુર, બોપી, પારડી, ઉદવાડા, વાપી-વેસ્ટ, ટાઉન, ગ્રામ્યની તમામ પેટા વિભાગીય કચેરીના કાર્ય વિસ્તારોના ગ્રાહકો માટેનો લોકદરબાર પુરુષ અધ્યાપન મંદિર, ને.હા.નં.૪૮, બલીઠા-વાપી ખાતે યોજાશે. જે અંગેના પ્રશ્નો સ્વીકારવાની છેલ્લી તારીખ ૫/૧૨/૨૦૧૮ છે.

તા.૧૩/૧૨/૧૮ના રોજ સવારે ૧૦-૩૦ કલાકે મોઢ ગાંધી યુવા સાંસ્કૃતિક ભવન, સ્વપ્નલોક સોસા., કાલીયાવાડી, નવસારી ખાતે સીસોદ્રા, મરોલી, ગણદેવી, એરુ, અમલસાડ પેટા વિભાગીય કચેરીના કાર્ય વિસ્તારો માટે જ્યારે તેજ દિવસે બપોરે ૩-૦૦ થી ૫-૦૦ દરમિયાન નવસારી ઇસ્ટ, વેસ્ટ, જલાલપોર, વિજલપોર, અને નવસારી ગ્રામ્ય પેટા વિભાગીય કચેરીઓના ગ્રાહકો માટે લોકદરબાર યોજાશે. જે અંગેના પ્રશ્નો સ્વીકારવાની છેલ્લી તારીખ ૭/૧૨/૨૦૧૮ છે.તા.૧૪/૧૨/૧૮ના રોજ સવારે ૧૦-૩૦ કલાકે નર્મદા સાંસ્કૃતિક ભવન, દશેરા ટેકરી, વિજયામાતાના મંદિરની બાજુમાં, બેચર રોડ, વલસાડ ખાતે વલસાડ ઇસ્ટ અને વેસ્ટ, નનકવાડા, કોસ્ટલ અને વલસાડ ઔદ્યોગિક પેટા વિભાગીય કચેરીના કાર્ય વિસ્તારોના ગ્રાહકો માટેનો લોકદરબાર યોજાશે. જે અંગેના પ્રશ્નો સ્વીકારવાની છેલ્લી તારીખ ૧૦/૧૨/૨૦૧૮ છે.તા.૧૫/૧૨/૧૮ના રોજ સવારે ૧૦-૩૦ કલાકે વઘઇ કોમ્યુનીટિ હોલ, વઘઇ ખાતે આહવા, સાપુતારા, વઘઇ, વાંસદા, અનાવલ પેટા વિભાગીય કચેરીના કાર્ય વિસ્તારોના ગ્રાહકો માટેનો લોકદરબાર યોજાશે. જે અંગેના પ્રશ્નો સ્વીકારવાની છેલ્લી તારીખ ૧૦/૧૨/૨૦૧૮ હોવાનું અધિક્ષક ઇજનેર, ડી.જી.વી.સી.એલ. વલસાડ વર્તુળ કચેરી દ્વારા જણાવાયું છે.

લાલ દરવાજા પટેલ નગરમાં બીજા દિવસે પણ ડિમોલીશનની કાર્યવાહી



સુરત

લાલ દરવાજા પટેલ નગર ખાતે ગતરોજથી શરૂ થયેલ ડિમોલીશન આજે બીજા દિવસે પણ યથવાત રહ્યું છે. આજે સવારથી જ કતારગામ ઝોનના સ્ટાફ દ્વારા પોલીસ બંદોબસ્ત સાથે સાંજ સુધી ૧૦૦થી ૧૫૦ ઝૂંપડાઓનું ડિમોલીશન હાથ ધરવામાં આવશે.

કતારગામ ઝોનના કાર્યપાલક ઈજનેર આર.વી. ગામિતના જણાવ્યા અનુસાર લાલદરવાજા પટેલવાડી ખાતે ગતરોજથી ડિમોલીશન શરૂ કરવામાં આવ્યું છે. પાલિકાના માલિકીની જમીનમાં આશરે ૭૦૦ જેટલા ઝૂંપડાઓને ખાલીક રવા માટેન ોટિસ આપવામાં આવી છે. અગાઉ બે વખત સ્થાનિક રહેવાસીઓની માંગને ધ્યાનમાં રાખીને ડિમોલીશન મુલતવી રાખવામાં આવ્યું હતું. ગતરોજ પૂરતા પોલીસ બંદોબસ્ત સાથે ડિમોલીશન શરૂ કરવામાં આવ્યું હતું. ગતરોજ સ્વૈચ્છિક ડિમોલીશન દરમિયાન ૨૫ થી ૩૦ મકાનોમાંથી સામાન ખાલી કરાવીને તેને તોડી પાડવામાં આવ્યા હતા. પ્રથમ દિવસે સ્થાનિકો દ્વારા વધુ ૩ મહિનાનો સમય માગી ડિમોલીશન અટકાવવાનો પ્રયત્ન કર્યો હતો. પોલીસી દ્વારા વિરોધ કરનારાઓની ધરપકડ કરવામાં આવી હતી. આજે સવારથી પૂરતા બંદોબસ્ત સાથે ડિમોલીશન શરૂ કરાયું છે.

જાહેર સ્થળે સીસીટીવી કેમેરા ગોઠવી દેવા નવસારી જિલ્લા મેજીસ્ટ્રેટનું ફરમાન

નવસારી

નવસારી જિલ્લા મેજીસ્ટ્રેટ ડૉ.એમ.ડી. મોડિયાએ એક જાહેરનામાં અનુસાર નવસારી જિલ્લામાં થતી ધાડ, લુંટ અને ચોરીઓના ગુના અટકાવવા માટે તથા વણશોધાયેલ ગુનાઓ શોધવા માટે જિલ્લામાં આવેલ મહત્વના સ્થળો, દુકાનો સહિત તમામ પેટ્રોલપંપ ઉપર સી.સી.ટી.વી. કેમેરા (નાઇટ વિઝન તથા હાઇ ડેફીનેશન) વીથ રેકોડીગ સીસ્ટમ મુકવામાં હુકમો કર્યા છે. જે તાત્કાલિક અસરથી તા.૨૪/૦૧/૨૦૧૯ સુધી અમલમાં રહેશે.

સીસીટીવી કેમેરાના કારણે ગુનેગારો અને ગુનામાં વપરાયેલ વાહનો આઇડેન્ટીફીકેશન થઇ શકે ગુનો ડીટેકટ કરવામાં આ કડી મહત્વની બને એટલુ જ નહી ગુનેગારોની વિરુધ્ધમાં આ અંગેનો સબળ પુરાવો કોર્ટ સમક્ષ મુકી શકાય જેથી જિલ્લામાં આવેલ તમામ પેટ્રોલપંપ ઉપરના ફીલીગ સ્ટેશનો ઉપર તથા પેટ્રોલપંપની બાજુમાં આવેલ દુકાનો ઉપર ગાડીના નંબર દેખાય તે રીતે અને ડ્રાઇવર તથા તેની બાજુમા બેઠેલ વ્યકિતનું રેકોર્ડીગ થઇ શકે તે રીતે ગોઠવવા પેટ્રોલપંપ ઉપર આવતી જતી વ્યકિતોઓ તથા વાહનોની ઓળખ થઇ શકે તે રીતે પુરતી સંખ્યામાં કેમેરા ગોઠવવા. નવસારી જિલ્લામાં આવેલ તમામ હોટલના ભોજનકક્ષ તથા હોટલની બાજુમા આવેલ દુકાનો ઉપર ગાડીના નંબર દેખાય તે રીતે તથા ભોજનકક્ષમાં બેઠેલી વ્યકિતઓનું રેકોર્ડીગ થઇ શકે તે રીતે પુરતી સંખ્યામાં કેમેરા ગોઠવવાના રહેશે.

જિલ્લામાં આવેલા તમામ ટોલ પ્લાઝા ઉપર આવતાં જતા દરેક વાહનોના નંબર આઇડેન્ટીફીકેશન થાય તે રીતે પુરતી સંખ્યામાં કેમેરા ગોઠવવા. તમામ એ.ટી.એમ.સેન્ટરો સી.સી.ટી.વી. કેમેરા અને ખાનગી સિકયુરીટી ગાર્ડ (૨૪ કલાક માટે) રાખવાં જેથી વ્યકિતઓનું આઇડેન્ટીફીકેશન થઇ શકે સી.સી.ટી.વી. કેમેરા રાત્રી દરમ્યાન રેકોડીગ કરી શકે તેવા કવોલીટીનાં રાખવા ૩૦ દિવસ સુધી રેકોર્ડીગ રહે તેવી વ્યવસ્થા રાખવી. ચીલઝડપ, ચોરી, ધાડ, લુંટ,બોમ્બ બ્લાસ્ટ કરવાના ?યત્નો તથા સમાજ વિરોધી તત્વો ખાસ કરીને ભીડભાડવાળા તેમજ લોકોની અવર- જવરવાળા વિસ્તારથી માહીતગાર થઇને તેઓની ગેરકાયદેસરની ?વૃતિને અંજામ આપતા હોય છે. બેંકો, નાણાંકીય સંસ્થાઓ,સોના ચાંદી તથા ડાયમંડના કિંમતી ઝવેરાત વેચનાર જવેલર્સની દુકાનો, આંગડીયા પેઢીઓ, સુપર માર્કેટ /શોપીંગમોલ ,શોપીંગ સેન્ટરો, કોર્મશીયલ સેન્ટરો, હોટલો, ગેસ્ટ હાઉસો, થિયેટરો, લોજીંગ બોર્ડીગો, ધર્મશાળાઓ, અતિથીગૃહો, વિશ્રામગૃહોમાં બહુમાળી બિલ્ડીંગોમાં તથા મોટા ધાર્મિક સ્થળોમાં અંદરના ભાગે સી.સી.ટી.વી. કેમેરા મુકવા જણાવામાં આવે છે. આ હુકમનો ભંગ કરનાર વ્યકિત દંડ સહિત સજાને પાત્ર થશે.

વાપીથી મોહનલાલ ગુમ થયો છે

વલસાડ જિલ્લાના વાપી-સુથારવાડ-પ્રમોદસિંહની ચાલમાં રહેતા મોહનલાલ ખેતારામ શીરવી તા.૯/૧૧/૧૮ના રોજ સવારે ૯-૦૦ વાગ્યાની આસપાસ ઘરેથી કોઇને કંઇપણ કહ્યા વગર જતો રહ્યો છે. ગુમ થનારની ઉંમર ૩૦ વર્ષ, ઊંચાઇ ૫.૬ ફૂટ, રંગે શ્યામવર્ણ, શરીરે સફેદ કલરનું શર્ટ, આસમાની કલરનું પેન્ટ પહેર્યું છે. જે ગુજરાતી તથા હિન્દી ભાષા જાણે છે. આ વર્ણનવાળા વ્યક્તિના જો કોઇ વાલીવારસો હોય તો વાપી ટાઉન પોલીસ સ્ટેશનનો સંપર્ક સાધવા જણાવાયું છે.

જાહેરાત, પ્રેસનોટ તેમજ અખબાર
મેળવવા માટે સંપર્ક કરો

સમગ્ર ગુજરાતમાં
પત્રકારો તેમજ પ્રેસ
પ્રતિનિધિઓ
નિમવાના છે.

સુરત :- ૧૬૧, શિવઓમનગર, મેરૂ
લક્ષ્મી મંદિર રોડ, તાડવાડી, રાંદેર
મો. ૭૫૭૪૮ ૮૮૮૬૧, ૮૪૦૧૦ ૧૮૬૫૬

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર

E-PAPER

● તંત્રી : ધનંજય ઝવેરી ● બ્યૂરો ચીફ : રવિ પટેલ

વિ. સં. ૨૦૭૫ । શુક્રવાર । તા. ૩૦-૧૧-૨૦૧૮ । વર્ષ : ૧૫ । પાના : ૧૦ । છૂટક નકલ : ૩ રૂ. । વાર્ષિક લવાજમ : ૨૫૧ રૂ.

માલિક-મુદ્રક-પ્રકાશક-તંત્રી : ધનંજય ઉમેશચંદ્ર ઝવેરીએ Maruti Printers, 13, Pritam Soc.-1, Nr. Kasak Fuwara, Bharuch ખાતે છપાવી જંગ-એ-ગુજરાત કાર્યાલય - ૧૩, પ્રિતમનગર સોસાયટી-૧, કસક, ભરૂચ-૨ ખાતેથી પ્રસિદ્ધ કર્યું. Registered under R.N.I. NO. GUJGUJ/2004/15636 Permitted to Post at BHARUCH RMS on Date 10, 17, 24, 31 Every Month Under Postal Registration No. : L1/BCH-57/16-18, Valid up to 31-12-2018, Mob. : 99047 33000, 75750 06850, E-mail : jung_e_gujarat@yahoo.com (ન્યાયક્ષેત્ર ભરૂચ કોર્ટને આધિન)



નર્સીંગ પ્રવેશ
GNM
B.Sc. (N)
93770 78780
93770 87870



તાડપત્રી તાડપત્રી તાડપત્રી તાડપત્રી
MONTEX® HOPE TARPAULIN Distributors of Gujarat
MONTEX ISI તાડપત્રી
Montex ISI Brand તાડપત્રી વાપરવાના ફાયદા
100% U.V. સ્ટેબીલાઈઝડ હોવાથી તડકામાં ખરાબ થતી નથી
લેમીનેશનની કુલ ગેરેન્ટી, ૧૦૦% વોટર પ્રુફ, વજનમાં હલકી
છુટક તથા હોલસેલ ભાવે મેળવવાની એક માત્ર
દુકાન South Gujaratના ઓથોરાઈઝડ ડીલર
રઘુવંશી ટ્રેડર્સ
V. N. Patel 9727948888
H.V. Patel 97279 53333
નીલમ હોટલની બાજુમાં N. H. 08 કડોદરા
Email-raghuvanshi007@yaoo.com

Kesavi Tours & Travels Company Successfully Planned Holiday For More Than 50,000 Happy Families
KESAVI® Tours & Travels Pvt. Ltd.
CHRISTMAS & NEW YEARS Sp. Packages- 2018/19
All Packages Include: Return Airfare, Ex. Mum. / Ex. Ahm., Visa, 3 * Hotel, Breakfast. Dinner, Sightseeing
All Packages Group Departure Date 23 & 28 December
Dubai 6 Days
Bangkok Pattaya-Phuket Krabi 9 Days
Dubai With Lapita 7 Days
Thailand Bangkok-Pattaya 6 Days / Date: 29 Dec.
Singapore Malaysia With Cruise 9 Days
Singapore Malaysia-Thailand CRUISE 13 Days
Srilanka 7 Days
Mauritius 6 Days
Bali 6 Days
Maldives 7 Days
Shimla Manali 6 Days / 10 Days
Kerala 8 Days
Darjeeling Sikkim 9 Days
Banglore 8 Days
Goa 4 Days
Andaman Nikobar 6 Days
Coorg Kabini-Wayand 7 Days
Rann Utsav 3 Days
Call M: 76983 94999/ Ph: 2475666
IATA B-4 Shree Swaminarayan Complex, Majura Gate Char Rasta, Nr. ITC Building, Surat
Book Online www.kesavitours.com



MERINO || LAMINATES
THE POWER TO CREATE
ભારતની નં. 1 કંપની
Merino Cal Plus Laminates
હવે ઈકોનોમી રેન્જમાં
Merino Cal Plus Laminates Sheets
400 – કલર ડીઝાઈનમાં હાજર સ્ટોકમાં
સુરત તથા દક્ષિણ ગુજરાતના પ્લાયવુડ – લેમીનેટસ્ હાર્ડવેરના અગ્રગણ્ય વેપારીને ત્યાં ઉપલબ્ધ
Merino Cal Plus Laminates માટે આપના નજીકના પ્લાયવુડ તથા લેમીનેટના વેપારીનો કોન્ટેક કરો



વિશ્વકક્ષાનું B.M.F. ટોમોથેરાપી રેડીયેશન સેન્ટર
લોકાર્પણ સમારોહ
રવિવાર તા. ૨ ડિસેમ્બર ૨૦૧૮
સમય : સાંજે ૪:૩૦ કલાકે
સ્થળ : ''પ્લેટીનમ હોલ'', SGCCI
ખજોદ ચોકડી પાસે, સરસાણા, સુરત.



ટોમોથેરાપી મશીનની વિશિષ્ટતાઓ
(૧) અન્ય મશીનોની તુલનામાં ઓછામાં ઓછુ હાનિકારક
(૨) સાત અઠવાડીયાની સારવાર માત્ર એક જ અઠવાડીયામાં
(૩) મસ્તક,ગળુ,છાતી,પ્રોસ્ટેટ અને સ્ત્રીઓના ગુપ્ત અંગો તથા આખા શરીરની રેડીયેશન સારવાર
(૪) કેન્સરની ગાંઠમાં ચોક્કસ ડોઝની દિન પ્રતિદિન નોંધ લેવાય છે.
(૫) સૂક્ષ્મતમ ચોકસાઈ પૂર્વકની સારવાર
(૬) દરદીઓને વિશેષત્તમ સુવિધા
(૭) ૩૬૦° ઉપર એક સેન્ટીમીટર પર રેડીયેશન પ્રક્રિયા
(૮) અતિ સુરક્ષિત પુનઃ સારવારની સુવિધા
રેડીયેશન સારવાર માટે સુસજ્જ સહ તબીબો તથા ડૉ.નિલેશ મહાલે જેઓને લગભગ ૬૦૦૦ થી વધુ રેડીયેશન સારવારનો અનુભવ છે.
શ્રી ભારતીમૈયા મેમોરિયલ ફાઉન્ડેશન
ભરત કેન્સર હોસ્પિટલ ISO 9001: 2015 Certified Hospital
લિરાલી મેમોરીયલ રેડિયેશન સેન્ટર
સુપર સ્પેશિયાલીટી કેન્સર રીસર્ચ સેન્ટર એન્ડ ટીચીંગ ઈન્સ્ટીટ્યુટ (DNB)
''માનવ દયા ટ્રસ્ટ સંકુલ'' સુરત-બારડોલી રોડ, સાયોલી, સુરત-395010 ગુજરાત
Contact : 97129 45576, 98795 70015, 0261 2645576, 0261 2647217
E mail : drnileshmahale@gmail.com Website : www.bharatcancerhospital.com

JHANSI
Baidyanath
ASLI AYURVED
બીમારીઓને દૂર રાખે | પ્રદૂષણથી થનારા નુકસાનથી બચાવે | તેજ દિમાગ માટે
Power of 3
પૂરા પરિવારની તબિયતનો રાખે ખ્યાલ !


ભુજ ખાતે વિશ્વસ્તરે ગુજરાતનું નામ રોશન કરનારા ફોટોગ્રાફી, ચિત્રકલા, ગાયકનું સન્મના કાર્યકમ યોજાયું



કલાકારની પ્રસિદ્ધિમાં તેના ચાહકો તથા મીડિયા જગત મહત્વનો ભાગ ભજવે છેઃ ગીતાબેન રબારી

ભુજ કચ્છઃ દુનિયાના કોઈપણ કલાક્ષેત્રના કલાકારની પ્રસિદ્ધ તેના પ્રશંસકો તથા મીડિયા જગત મહત્વનો ભાગ ભજવે છે એવું સુપ્રસિદ્ધ ગુજરાતી લોક સંગીતના ગાયિકા ગીતાબેન રબારીએ ભુજ ખાતે વિશ્વસ્તરના કલાકારોના સન્માન સમારંભમાં જણાવ્યું હતું.

છેલ્લા કેટલાક સમયથી કલા સંસ્કૃતિ ક્ષેત્રે ગુજરાતનું નામ વિશ્વ લેવલે ગુજતું થયું છે. ત્યારે ગુજરાતના કલાકારો પોતાની આગવી કલાથી દેશ-વિદેશમાં પોતાનું તથા ગુજરાતનું નામ રોશન કરવામાં આગળ આવ્યા છે. હાલમાં ભાગ્યે જ કોઈ ગુજરાતી હશે કે ગુજરાતી લોકગાયકોમાં ગીતા રબારી,કિંજલ દવે,કીર્તિદાન ગઢવી, જીગ્નેશ કવિરાજ, કાજલ મેરીયા,પાર્થીવ ગોહિલ વગેરેના નામથી અજાણ હશે.

સતત કાર્યક્રમોની વ્યસ્તા વચ્ચે પણ જ્યારે એકાદ બે દિવસ આરામનો સમય હોય ત્યારે પણ જો ગૌસેવાના લાભાર્થે કોઈપણ કાર્યક્રમ ગુજરાતમાં હોય તો જરૂરથી સંસ્થાઓ અને વ્યવસ્થાપકોને નજરે રાખી લોકગાયકો સાથ સહકાર આપી અને મદદરૂપ થતાં હોય છે.હાલમાં જ્યારે આવા કાર્યક્રમો કરતા હોય છે ત્યારે ગુજરાતના લોકો દિલ ખોલીને આવા કલાકારોના સુરને બિરદાવીને ઘોરૂપે રૂપિયાના દાનનો પ્રવાહ વાહકતા હોય છે. તે આવા કાર્યક્રમોમાં જોવા મળતું હોય છે કે લોકદાયરના ચાહકો તેમજ ગૌ ભક્તોને આભારી છે.

હું ગુજરાતની દીકરી હોઈ મારી તો ફરજમાં પણ આવતું હોવાથી જ્યારે જ્યારે હું ગુજરાતમાં હોવું અને મને સમય હોય તો હું ક્યારે પણ આવા સેવાકીય કાર્યક્રમોમાં ના નથી પાડતી.એવું આજરોજ ભુજ ખાતે એન.આર.આઈ કબસે ફેસ્ટિવલ કાઉન્સિલ અને એસ વી ઈન્ટરનેશનલ પ્રોડક્શનના સંયુક્ત ઉપક્રમે યોજાયેલ જેમણે પોતાની કલા તેમજ કોઠાસૂઝને કારણે નામના મેળવી તેવા ગીતાબેન રબારીએ વિશેષમાં જણાવ્યું હતું કે જ્યારે જ્યારે વિદેશ પ્રવાસે જવાનું થતું હોય ત્યારે ત્યારે ગુજરાતની નારી પ્રત્યેનો આદરભાવ જોવા મળતુ હોય છે એ સમયે મને મારુ ગુજરાત યાદ આવે તે પણ સ્વભાવિક છે.

અન્ય સન્માનિત કલાકારોમાં બીપીન સોની કે જેમના નામે લિમ્કા વર્લ્ડ બુકમાં બે વખત રેકોર્ડ નોંધાયેલ છે.અરવિંદ નાથાણી વર્લ્ડ ઈન્ટરનેશનલ ફોટોગ્રાફી એવોર્ડથી સન્માનિત છે.જ્યારે પ્રવીણ ગોરસિયા કે જેઓએ કૌન બનેગા કરોડપતિના કન્ટેક્શન તરીકે રહી પોતાની જીનિયસનો ખ્યાલ આપ્યો હતો. તેવા ઈન્ટરનેશનલ ખ્યાતનામ કલાકારનું આજરોજ ગીતાબેન સાથે સન્માન કરવામાં આવ્યું હતું.

આ સન્માન પ્રસંગે ફેસ્ટિવલ કાઉન્સિલના ચેરમેન હર્ષદભાઈ ઠક્કર, એસ.વી. પ્રોડક્શનના ચેરમેન વિનોદ ગોરસિયા, માજી નગરપતિ શંકરભાઈ સચદે, વિનોદ પિંડોલિયા, વિશ્વજીત હરશિયાણી એ મહાનુભાવોના સન્માન કર્યુ હતું. અને શ્રી શંકરભાઈ સાથે જણાવ્યું હતું કે આવા વિશ્વસ્તરના કચ્છી કલાકારો આપણા કચ્છનું ગૌરવ છે તેમા બે મત નથી.જ્યારે તાલુકા પંચાયતના સદસ્ય જેમલભાઈ રબારી,પુથ્વી રબારી તથા વિનોદભાઈ વરસાણીએ કચ્છી કલાકારો આ દુષ્કાળની કપરી પરિસ્થિતિઓમાં કચ્છનું ગૌધન બચાવવા આવા કાર્યક્રમમાં યથાશક્તિ પોતાનું યોગદાન આપે છે તે પ્રશંસનીય કાર્ય છે તેવું જણાવ્યું હતું. વિશેષમાં માતૃછાયા નેટવર્કના મુખ્ય સંચાલક વિનોદભાઈ વસાણીએ આવા કાર્યક્રમોથી પ્રભાવિત થઈને ગૌસેવાને લગતા સંતવાણીના કાર્યક્રમો,કથાઓ તથા અન્ય સેવાકીય કાર્યક્રમોનું લાઈવ પ્રસારણ તદ્દન ફીમાં આપવાની જાહેરાત કરી હતી.

આ કાર્યક્રમનું સંચાલન વિનોદ પિંડોલીયા જ્યારે કાર્યક્રમની જહેમત વિશ્વજીત હરશિયાણીએ ઉઠાવી હતી.

પત્નિના નામે બોગસ ફેસબૂક એકાઉન્ટ બનાવનાર યુવકનું પતિ દ્વારા અપહરણ

સુરત

કતારગામ વિસ્તારમાં રહેતી એક પરિણીતા નામથી બોગસ ફેસબૂક આઈટી બનાવ્યાનો વહેમ રાખી એક યુવાનનું અપહરણ કરી માર-મારી ઘેનયુકત પદાર્થ પીવડાવી દઈ બે આરોપીઓ ફરાર થઈ ગયા હોવાનો બનાવ કતારગામ પોલીસ મથકે નોંધાયો હતો. પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. પોલીસ સૂત્રોના અનુસાર, કતારગામ ભાયચંદ નગર ખાતેરાજુભાઈ દાનુભાઈ તથા મગરૂભાઈ અમરૂભાઈએ ગત તા. ૨૮મી નવે.ના રોજ સવારે ૧૦ વાગે કતારગામ વિસ્તારમાંથી એક યુવકનું અપહરણ કરી ફરાર થઈ ગયો હતો. આ બંને આરોપીઓ પૈકી રાજુભાઈએ તેની પત્નીનું બોગસ ફેસબૂક આઈડી એકાઉન્ટ બનાવ્યું હોવાનો વહેમ રાખી યુવકનું અપહરણ કરી ફેસબૂક આઈડી કાઢી નાખવાનું જણાવી પ્લાસિટકની લાકડી વડે હુમલો કરી માર-મારી શરીર ઈજાઓ પહોંચાડી ઘેનયુકત પદાર્થ પીવડાવી દઈ ફરાર થઈ ગયો હતો. કતારગામ પોલીસ ગુનો દાખલ કરાવવામાં આવતા પોલીસે આઈપીસી ૩૨૮, ૩૨૩ મુજબનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

બુટલેગરના મકાનમાંથી દારૂનો જથ્થો પકડાયો

સુરત

પલસાણા તાલુકાના સાકી ગામના મંદિર ફળિયા ખાતે એક મકાનમાં પોલીસ દોરડા પાડી વગર પરમીટનો વિદેશી દારૂનો ૨૫,૭૦૦/-ની કિંમતનો જથ્થો ઝડપી પાડી એક બુટલેગરની ધરપકડ કરી હતી. જ્યારે પોલીસની રેઈડ જોઈ અન્ય એક બુટલેગર ભાગવામાં સફળ થયો હોવાનું પોલીસે જણાવ્યું હતું.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, પલસાણા તાલુકાના સાકી ગામના મંદિર ફળિયા ખાતે સુનીલભાઈ સુખાભાઈ રાઠોડ રહે છે ગતરોજ પલસાણા પોલીસ મથકના હેડકોન્સ્ટેબલ ધર્મેશભાઈ મહેન્દ્રભાઈએ બુટલેગર સુનીલભાઈને ત્યાં દરોડા પાડયા હતા. આ દરોડા દરમિયાન પોલીસે વગર પાસ પરમીટની કુલ ૫૦૭ નંગ બોટલ કિંમત રૂા. ૨૫,૭૦૦ની કબજે કરી તેની ધરપકડ કરી હતી. જ્યારે વિદેશી દારૂનો જથ્થો પહોંચાડનાર પ્રકાશ ઉર્ફે પ્રતિક સુનીલ રાઠોડ ભાગવામાં સફળ થતા તેને પોલીસે વોન્ટેડ જાહેર કર્યો હતો. પોલીસે પ્રોહિબીશન એકટ મુજબનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ભટાર તડકેશ્વર સોસાયટીમાંથી ટ્વીન્કલબેન ગુમ

ખટોદરા પોલીસ સ્ટેશનના જણાવ્યાનુસાર તા.૪/૧૧/૧૮ના રોજ ભટાર તડકેશ્વર સોસાયટી ખાતે રહેતા ૨૦ વર્ષીય ટ્વીન્કલબેન પોતાની બહેનપણીના ઘરે જવાનું કહીને નીકળ્યા બાદ પરત ફર્યા નથી. જે શરીરે પાતળા બાંધાના, રંગે ગૌરવર્ણી, ઉચાઈ ૫.૩ ફુટ છે. બ્લ્યું રંગનું જીન્સ તથા બ્લેક/યલ્લો રંગનું ટી-શર્ટ પહેર્યુ છે. જે કોઈને ભાળ મળે તો નજીકના પોલીસ સ્ટેશનનો સંપર્ક સાધવા જણાવાયું છે.

અલથાણમાં રહેતા ૬૩ વર્ષીય સાંતાદેવી રાજપાલ લાપતા

ખટોદરા પોલીસ સ્ટેશનના જણાવ્યાનુસાર તા.૭/૧૧/૧૮ના રોજ ઓરનેટ હાઉસ, અલથાણ ચાર રસ્તા ખાતે રહેતા ૬૫ વર્ષીય સીતાદેવી રમેશચંદ્ર રાજપાલ પોતાના ઘરેથી ગુરૂદ્વારા જવાનુ કહીને નીકળ્યા બાદ પરત ફર્યા નથી. જે શરીરે મજબુત બાંધાના, રંગે ગૌરવર્ણી, ઉચાઈ ૫.૩ ફુટ છે. પિન્ક/ગ્રીન ફુલ ડિઝાઈનવાળો પંજાબી શુટ પહેર્યો છે. જે કોઈને ભાળ મળે તો નજીકના પોલીસ સ્ટેશનનો સંપર્ક સાધવા જણાવાયું છે.

વિશ્વ એઈડ્સ દિન નિમિત્તે સુરતમાં રાજ્ય કક્ષાનાં કાર્યક્રમનું આયોજન

ગુજરાત સ્ટેટ એઇડ્સ કન્ટ્રોલ સોસાયટી (જીસેક્સ), આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગુજરાત સરકાર ગાંધીનગર નાં માર્ગદર્શન હેઠળ ગુજરાત સ્ટેટ નેટવર્ક ઓફ પીપલ લીવીગ વિથ એચ.આઈ.વી./એઇડ્સ (જી.એસ.એન.પી.+) સુરત, DAPCU સુરત તથા સુરત મહાનગરપાલિકા એસ.ટી.ડી. કેર પ્રોજેક્ટ અને સ્થાનિક ટી.આઈ. સંસ્થાઓના સંયુક્ત ઉપક્રમે ૧લી ડીસેમ્બર ૨૦૧૮ના રોજ 'વિશ્વ એઇડ્સ દિન' નિમિત્તે રાજ્ય સ્તરીય કાર્યક્રમ સુરત ખાતે આયોજિત કરવામાં આવ્યો છે. આરોગ્ય મંત્રી કિશોરભાઈ કાનાણી (રાજ્ય કક્ષાના મંત્રીશ્રી) ની અધ્યક્ષતામાં તથા ડો. જગદીશભાઈ પટેલ, મેયર સુરત મહાનગર પાલિકાની ઉપસ્થિતિમાં કાર્યક્રમ અંતર્ગત જાહેર જનજાગૃતિ રેલી તથા 'એવોર્ડ વિતરણ' સમારોહ કાર્યક્રમ નું આયોજન કરવામાં આવ્યું છે.

નીરા કેન્દ્રોમાં આરોગ્ય તંત્રએ તપાસ હાથ ધરી

સુરત મહાનગરપાલિકાના ડે.કમિશનર હેલ્થ અને હોસ્પિટલ તથા ડેઝીગ્નેટેડ ઓફિસરની સૂચના તથા સીધા માર્ગદર્શન હેઠળ સુરત શહેર વિસ્તારમાં આવેલી વિવિધ સંસ્થાઓની તા.૨૭-૧૧-૨૦૧૮નાં રોજ અત્રેનાં ફુડ સેફ્ટી ઓફિસરો દ્વારા સ્થળ તપાસ કરી સંસ્થાઓમાંથી કુલ ૯ નીરાના નમૂનાઓ લઈ પૃથ્થકરણ સારૂ લેબોરેટરીમાં મોકલાવેલ છે, જેનો રિપોર્ટ આવ્યેથી આગળની કાર્યવાહી કરવામાં આવશે.

વડોદરા ખાતે બે દિવસીય ગુજરાત સી.એસ.આર. સમિટનો પ્રારંભ

વડોદરા : કેન્દ્રીય પેટ્રોલિયમ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને કોર્પોરેટ સીટીઝન, જનજાતિ કલ્યાણ આશ્રમ, આદિજાતી વિકાસ વિભાગ અને એમ.એસ.યુ સોશિયલ વર્ક વડોદરા ધ્વારા સુર્યા પેલેસ વડોદરા ખાતે બે દિવસીય કોર્પોરેટ સામાજિક જવાબદારી સેમિનારને દિપ પ્રાગ્ટય કરીને ખુલ્લો મૂક્યો હતો. આ અવસરે કેન્દ્રિય પેટ્રોલિયમ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને જણાવ્યું હતું કે આદિજાતીઓના સુખ-સમૃધ્ધિ માટે કેન્દ્ર સરકાર કટિબધ્ધ છે. ત્યારે આદિવાસી સમાજને અગ્રેસર લઈ જવા માટે આપણી ઉત્તરદાયત્વ અને નૈતિક ફરજ છે. આદિજાતી વિસ્તારમાં આરોગ્ય, શિક્ષણ, વિજળી અને રસ્તાઓ જેવી ભૌતિક માળખાગત સુવિધા પૂરી પાડવા રાજય અને કેન્દ્ર સરકાર હરહંમેશાં પ્રયત્નશીલ છે. ત્યારે આદિજાતીઓના ઉત્થાન માટે સામાજિક માં સ્વૈચ્છીક સંસ્થાઓની ભૂમિકા સવિશેષ છે. વધુમાં ઉમેર્યુ હતું કે વનવાસીઓ પર્યાવરણનું જતન અને જંગલોનું રક્ષણ કરતા હોય છે. તેઓની આર્થિક સામાજિક અને શૈક્ષણિક સધ્ધરતા માટે અનેકવિધ યોજનાઓ અમલમાં છે જેના લાભ આદિવાસી સમાજ સુધી પહોંચાડી તેઓના સપના સાકાર કરવામાં આવી રહ્યા છે સાથોસાથ વનબંધુઓને અત્યાધુનિક યુગના પ્રવાહ સાથે વિકાસ થાય તે માટે આપણે સૌએ કાળજી રાખવી પડશે. કેન્દ્રીય પેટ્રોલિયમ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને જણાવ્યું હતું કે મહિલાઓને ધુમાડામાંથી મુક્ત કરવા પ્રધાનમંત્રી ઉજજવલા યોજના હેઠળ લાખો મહિલાઓને લાભ આપવામાં આવ્યો છે. દેશમાં છ કરોડ ઉજજવલા યોજનાના લાભાર્થીઓ છે જેમાંથી ૪૫ ટકા આદિવાસી લાભાર્થીઓ છે. એટલુ જ નહી આયુષ્યમાન ભારત યોજના ધ્વારા આદિજાતીઓને લાભ આપ્યા છે. વધુમાં સામાજિક સમરસ અને સામાજિક સ્થિરતા લાવવા માટે વનબંધુઓના યોગ્ય ગુણવત્તા માટે તેમજ સર્વાગી વિકાસ માટે સૌએ એકઝૂટ થઈને કામ કરવું પડશે આદિજાતીઓમાં શિક્ષણ, આરોગ્ય, સ્વચ્છતા અને કુરિવાજો વિશે યોગ્ય માર્ગદર્શન આપવા આહ્વાન કર્યુ હતુ.

રાજયના આદિજાતિ વિભાગ અને વન પર્યાવરણ મંત્રી ગણપતભાઈ વસાવાએ જણાવ્યું હતું કે, અંબાજીથી ઉમરગામ સુધી આદિવાસી વિસ્તારના સર્વાગી વિકાસ માટે રાજય સરકારે વનબંધુ યોજના અમલિ બનાવી જેના લીધે આદિવાસીઓના જીવનમાં બદલાવ આવ્યો છે. સાથોસાથ આદિવાસી વિસ્તારમાં આરોગ્ય, શિક્ષણ, રસ્તા, સિંચાઈ, પીવાના પાણી અને સિંચાઈ જેવી સુવિધાઓ પુરી પાડી તેઓના સપના સાકાર કરવામાં આવ્યા છે. આદિવાસી વિસ્તારમાં વિકાસની ખૂટતી કડી પૂર્ણ કરવા રાજય સરકારે ભગીરથ પ્રયાસો આદર્યા છે. વધુમાં ઉમેર્યું હતું કે, આદિવાસી સમાજને દેશના મુખ્ય પ્રવાહ સાથે જોડવા આજના સમયની માંગ છે ત્યારે રાજય અને કેન્દ્ર સરકારની વિવિધ યોજનાઓના લાભો પહોંચાડી તેઓને સમૃદ્ધિ તરફ વાળવા આપણું કર્તવ્ય છે. તેમણે આદિવાસી સમાજ પ્રકૃતિ અને રાષ્ટ્રભક્તિ સાથે જોડાયેલો સમાજ છે. તેઓએ સ્વાતંત્ર્ય સંગ્રામમાં સૌથી વધુ આદિવાસી સમાજે બલિદાન આપ્યું છે એટલું જ નહીં જંગલનું રક્ષણ અને પર્યાવરણ જાળવવાનું કાર્ય આદિવાસી સમાજ કરે છે. આમ આદિજાતિઓના ઉત્કર્ષ માટે સૌએ આગળ આવી વિકાસના તમામ ક્ષેત્રે અગ્રેસર લઈ જવા આપણી નૈતિક જવાબદારી છે. આ ઉપરાંત કેન્દ્રીય મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને ઓ.એન.જી.સીના અધિકારીઓ સાથે બેઠક યોજી વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.

આ અવસરે સિટીઝન કોર્પોરેટના સંદીપજી, અખિલ ભારતીય વનવાસી સંગઠનના મંત્રીશ્રી અતુલજી, પ્રાયોજના વહીવટદાર વી.સી.ગામીતે આદિવાસી સમાજના સર્વાગી વિકાસ માટે કોર્પોરેટ સામાજિક જવાબદારી વિશે સવિસ્તૃત જાણકારી આપી હતી.

આ કાર્યક્રમમાં વડોદરા મહાનગરપાલિકાના મેયર જિગીષાબેન શેઠ, સાંસદ રંજનબેન ભટ્ટ, ધારાસભ્ય સર્વ કેતનભાઈ ઈનામદાર, મનીષાબેન વકીલ, વાઈસ ચાન્સલર પરિમલ વ્યાસ તેમજ કોર્પોરેટ સામાજિક જવાબદારી સાથે સંકળાયેલા પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.

કડોદરા-બારડોલી રોડ પર યુવકને ફટકારી મોબાઈલ ફોનની લૂંટ

યુવકે લૂંટારૂઓનો પીછો કરતા લાકડાના ફટકાથી હુમલો

સુરત

કડોદરા- બારડોલી તરફ જવાના રસ્તા પર ત્રણ અજાણ્યા ઈસમોએ એક નોકરી કરતા યુવકના બંને હાથ પકડી રાખી રૂા. ૧૦ હજારની કિંમતના મોબાઈલ ફોનની લૂંટ ચલાવી યુવક તેની પાછળ દોડતા લાકડાનો ફટકો મારી તેના શરીરે ઈજાઓ પહોંચાડી ફરાર થઈ ગયા હોવાનો બનાવ હિન્દી ભાષી ત્રણ અજાણ્યા ઈસમો સામે નોંધાતા પોલીસે લૂંટનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર મૂળ ઉત્તર પ્રદેશના દેવરિયા જિલ્લાના વતની અને હાલમાં કડોદરા ગ્રીનસિટી ખાતે મુકેશકુમાર સંજયસિંગ રહે છે. ૨૦ વર્ષનો આ યુવક ખાનગી કંપનીમાં નોકરી કેર છે. ગત ૨૫મી નવેમ્બરના રોજ તે નોકરી પરથી રાત્રિના સુમારે ઘર તરફ પરત ફરવા કડોદરા-બારડોલી તરફ જવાનો રસ્તા પર ઓટોરિક્ષાની રાહ જોઈને ઊભો હતો. ત્યારે ત્રણ અજાણ્યા ઈસમોએ તેને પાછળથી આપી બંને હાથ પકડી પેન્ટના ગજવામાં મૂકેલો રૂા. ૨૦ હજારની કિંમતનો મોબાઈલ ફોનની લૂંટ ચલાવી ભાગતા હતા. આ દરમિયાન યુવક પણ તેની પાછળ દોડતા પકડાઈ જવાની બીકે તેના પર લાકડાના ફટકા બે હુમલો શરીરના ભાગે ઈજાઓ પહોંચાડી ફરાર થઈ ગયા પોલીસે લૂંટનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે

પોલીસ કમિશનરના અધ્યક્ષ સ્તાને રોડ સેફ્ટી કાઉન્સિલની બેઠક મળી

સુરત

સુરત શહેર રોડ સેફ્ટી એન્ડ કાઉન્સીલની બેઠક શહેર પોલીસ કમિશનરશ્રી સતીશ શર્માના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી. બેઠકમાં અમરોલી ચાર રસ્તા પાસે સવાર અને સાંજના સમયે થતા ટ્રાફીક સંદર્ભે ડાયમંડ કલાકારો અને ઔદ્યોગિક વિસ્તારમાં કાર્ય કરતા શ્રમયોગીઓને છુટવાનો સમય અડધા કલાક આગળ પાછળ કરવાની આવશ્યકતાને તપાસવાનું કમિશનરશ્રીએ સૂચના આપી હતી. આ ઉપરાંત ડુમસ બીચ પર સલામતીના પગલાઓ ભરવા, સર્કલોની મરામત નિયમિત થાય, ડુમસથી અઠવાગેટ સુધીના રસ્તામાં આવતા તમામ સર્કલોની સુંદરતામાં વધારો કરવો પર ભાર મૂક્યો હતો. બદલાતા સમયની સાથે ટ્રાફિક સુવિધાઓમાં નાવીન્ય સુધારાઓ લાવવા બાબતે વિસ્તૃત ચર્ચાઓ થઈ હતી.

શાળા પાસે તમાકુ પ્રોડકટ વેચનારાઓને દંડ કરાયો

ગત તા.૨૭-૧૧-૨૦૧૮ના રોજ સુરત મહાનગરપાલિકા આરોગ્ય વિભાગ તથા સુરત શહેર પોલીસના સંયુક્ત સહકારથી તમાકુ નિયંત્રણ અધિનિયમ ૨૦૦૩ મુજબ શૈક્ષણિક સંસ્થાઓની ફરતે ૧૦૦ વારની ત્રિજ્યાના વિસ્તારમાં તમાકુ પ્રોડક્ટ્સ વેચાણ પ્રતિબંધિત હોઈ જે અંતર્ગત અભિયાન હાથ ધરવામાં આવેલ. જે સંદર્ભે તમામ ઝોનમાં આવેલ શૈક્ષણિક સંસ્થાઓની ફરતે ૧૦૦ વારની ત્રિજ્યાના વિસ્તારમાં તમાકુ પ્રોડક્ટ્સ વેચાણ કરતા ઈસમો સામે શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવેલ છે. જેથી શૈક્ષણિક સંસ્થાઓની ફરતે ૧૦૦ વારની ત્રિજ્યાના વિસ્તારમાં તમાકુ પ્રોડક્ટ્સ વેચાણ કરનારાઓમાં સન્નાટો ફેલાય જવા પામ્યો છે.

મહુવા તાલુકામાં શાળાના ૨૯૨૮૪ બાળકોના સ્વાસ્થ્ય અંગે તપાસ

સુરત

બાળકોના આરોગ્યની તંદુરસ્તી જળવાય રહે, સ્વસ્થ બાળ રાજયની ઉજજવળ આવતીકાલ જેવા ધ્યેય સાથે આગળ વધી રહેલી રાજય સરકારના શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમની શરૂઆત સુરત જિલ્લામાં થઈ ચૂકી છે. જે અંતર્ગત મહુવા તાલુકાની ધોળીકૂઈ પ્રાથમિક શાળા ખાતે આરોગ્ય કેન્દ્ર ખરવાણની ટીમ દ્વારા શાળા આરોગ્ય તપાસણીનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.જેનું ઉદઘાટન મેડીકલ ઓફીસર ડો.અલ્પેશ કે.રાઠોડ દ્વારા કરવામાં આવ્યું હતું.

આ વેળાએ મેડીકલ ઓફીસર દ્વારા શાળામાં એક બાળ ડોકટરની નિમણુંક કરવામાં આવી હતી. શાળામાં બાળકોને આરોગ્ય, વૃક્ષારોપણ, સ્વચ્છતા વિશે સમજ આપવામાં આવી હતી. આ પ્રસંગે જિલ્લા પંચાયતના સદસ્યશ્રી તુષારભાઈ પટેલ, સરપંચશ્રી કિરણભાઈ પટેલ, મુખ્ય શિક્ષકશ્રી રાજેશ પટેલ, ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

નોંધનીય છે કે, મહુવા તાલુકાની સરકારી-ખાનગી શાળાઓ, આશ્રમ શાળાઓ મળી ૪૦૭ સંસ્થાઓના અંદાજે ૨૯,૨૮૪ જેટલા નાના ભૂલકાઓના આરોગ્યની ચકાસણી કરવામાં આવશે. જો કોઈ બાળકોને ગંભીર બિમારી હોય તો વિનામૂલ્યે ઓપરેશન સુધીની સારવાર કરવામાં આવશે.

અનામત મુદ્દે ઓબીસી પંચ સાથે પાટીદારોની એક કલાકની બેઠક

ગાંધીનગર

મહારાષ્ટ્રમાં મરાઠાઓને અનામત અંગેનું બિલ વિધાનસભામાં પસાર થઈ ગયા બાદ ગુરૂવારે પાટિદાર નેતાઓ અનામતની માગણી સાથે ગાંધીનગર પહોંચ્યા હતા. હાર્દિક પટેલ અન્ય ક્યાંક મિટિંગમાં વ્યસ્ત હોવાને કારણે આવ્યો ન હતો. તેના બદલે પાસના કન્વીનર મનોજ પનારા, ગીતા પટેલ, ધાર્મિક માલવીયા, જયેશ પટેલ સહિતના પાટીદારો ઓબીસી કમિશનની ઓફિસે પહોંચ્યા હતા.

અહીં ઓબીસી પંચના અધ્યક્ષા સુજ્ઞાબેન ભટ્ટ સાથે પાટીદારોની એક કલાક લાંબી મેરાથોન બેઠક ચાલી હતી. આ બેઠકમાં ધાર્મિક માલવીયા અને મનોજ પનારાએ પાટીદારોને અનામત કેવી રીતે મળી શકે છે તેના અંગે વિવિધ રજૂઆતો કરી હતી. તેમણે જણાવ્યું કે, પાટીદારોને બંધારણિય ધોરણે અનામત જોઈએ છે. આ માટે રાજ્ય સરકારે પાટીદાર સમાજનો સરવે કરવો જોઈએ.

ઓબીસી પંચના અધ્યક્ષા સાથે બેઠક બાદ બહાર આવેલા પાટીદાર નેતાઓ તરફથી પાસના કન્વીનર મનોજ પનારાએ જણાવ્યું કે, "પાટીદારોને બંધારણિય રીતે અનામત મળે તેના માટે અમે ઓબીસી પંચને રજૂઆત કરી હતી. જો મહારાષ્ટ્રમાં મરાઠાઓને વર્તમાન ૫૨% અનામત સિવાય અલગથી અનામત મળી શકતી હોય તો ગુજરાતમાં પાટીદારો માટે પણ સરકાર વિચારી શકે છે."

મનોજ પનારાએ વધુમાં જણાવ્યું કે, "રાજયના અલગ અલગ વિસ્તારોમાં પાટીદારો અલગ નામથી ઓળખાય છે. આથી, ઓબીસી પંચ સાથે તેના માટે ચર્ચા કરવામાં આવી છે. આવતા દિવસોમાં કમિશન જે કોઈ પણ મુદ્દા અંગે ચર્ચા કરવા માટે બોલાવશે તેના માટે અમે તૈયાર છીએ. અમે ઓબીસીમાં અનામતની માગણી કરી છે. પાટીદાર આંદોલનમાં અનેક યુવાનો શહીદ થયા છે. જ્યાં સુધી અનામત નહીં મળે ત્યાં સુધી અમારું આંદોલન ચાલુ રહેશે".

ઉલ્લેખનીય છે કે, આજે એટલે કે ગુરૂવારે મહારાષ્ટ્ર વિધાનસભામાં મરાઠાઓને ૧૬ ટકા અનામત આપવા માટેનું બિલ સર્વસંમતિથી પસાર થઈ ગયું છે. મહારાષ્ટ્રમાં મરાઠાઓને ત્યાં ચાલી રહેલી વર્તમાન ૫૨% અનામત સાથે કોઈ પણ પ્રકારની છેડછાડ કર્યા વગર મરાઠાઓને અનામત આપવાની છે.

મરાઠાઓને અનામત મળી જતાં પાટીદાર આંદોલન સમિતિના નેતાઓ ધાર્મિક માલવિયા, મનોજ પનારા, ગીતા પટેલ, જયેશ પટેલ સહિતના નેતાઓ આવેદનપત્ર લઈને ઓબીસી પંચના અધ્યક્ષને મળવા માટે ગાંધીનગર ખાતે આવેલી કચેરીએ પહોંચ્યા હતા.

પાટીદાર નેતાઓનું કહેવું છે કે, રાજ્યમાં પાટીદારોને પણ એક સરવે કરવામાં આવે અને તેનો એક સમગ્ર રિપોર્ટ તૈયાર કર્યા બાદ અનામત આપવામાં આવે. ઉલ્લેખનીય છે કે, પાટીદાર આંદોલન સમિતી (પાસ) છેલ્લા ત્રણ ચાર વર્ષથી પાટીદારોને અનામત આપવા માટે રાજ્યમાં આંદોલન ચલાવી રહ્યા છે. પાટીદાર આંદોલનનું નેતૃત્વ હાર્દિક પટેલ કરી રહ્યો છે.

લાલજી પટેલ :-

પાટીદાર આંદોલનના એક અન્ય નેતા લાલજી પટેલે આ અંગે જણાવ્યું કે, "મરાઠાને ૨ વર્ષના આંદોલનમાં અનામત મળી ગઈ છે. એ વાતનો આનંદ છે પરંતુ, ગુજરાતમાં સાડા ત્રણ વર્ષથી પાટીદારો આંદોલન ચલાવી રહ્યા છે છતાં અનામત મળી નથી. ગુજરાતની બહેરી મૂંગી સરકાર અનામત આપતી નથી. લોકસભા ચૂંટણી પહેલા અનામત નહીં મળે તો આંદોલનો કરીશું. સરકારને અનામત આપ્યા વગર છૂટકો નથી. સમગ્ર સવર્ણ સમાજને ભેગા કરીને અમારી લડત ચાલુ રાખીશું. ભાજપ સરકાર બે ધારી નીતિ રાખે છે. મરાઠા ને ન્યાય, અમને અન્યાય, આવું કેમ? અમે આંદોલન કરીને સરકારને બાનમાં લઈશું."

મરાઠા અનામત બિલ મુદ્દે રેશ્મા-વરૂણની પ્રતિક્રિયા

પાટીદાર અનામત મુદ્દે સરકારને ફરી રજૂઆત કરીશું

અમદાવાદ

કેટલાય સમયથી મહારાષ્ટ્ર સરકાર સમક્ષ મરાઠા સમુદાય અનામત માગ કરી રહ્યાં છે. ત્યારે મહારાષ્ટ્ર સરકાર દ્વારા મરાઠા સમુદાય અનામત બિલને મંજૂર કરવામાં આવ્યુ છે. ત્યારે ગુજરાતમાં પણ ત્રણ વર્ષથી પાટીદાર સમુદાય અનામત માગ કરી રહ્યો છે.

ત્યારે મરાઠા અનામત અંગે પ્રતિક્રિયા આપતાં ભાજપ સાથે સંકળાયેલા રેશ્મા પટેલે કહ્યુ હતુ કે, ચોક્કસથી સરકાર કેવું વિચારે છે તેં જોવું રહશે. મહારાષ્ટ્ર સરકાર જે પેટનથી મરાઠા સમુદાય અનામત આપી છે, તે પેટર્નથી પણ સરકાર સમક્ષ અનામત મુદે રજૂઆત કરવામાં આવશે. પરંતુ અનામત મુદે સરકાર નહીં વિચારે તો ૨૦૧૯માં ચુંટણી પ્રચાર કરવો કે કેમ તે અગે વિચારણા કરવામાં આવશે.

આ અંગે ભાજપના વધુ એક નેતા વરુણ પટેલે પ્રતિક્રિયા આપતાં કહ્યુ હતુ કે, અનામત મુદે સીએમને રજુઆત કરવામાં આવી છે. ત્યારે ગુજરાત સરકાર ગંભીરતાપૂર્વક અભ્યાસ કરી રહી છે. મહારાષ્ટ્ર સરકારે જે બિલ પ્રસાર કર્યું તેનાં અભ્યાસ સાથે તેં પેટન સાથે અનામત મુદે વિચારણા કરવામાં આવશે. તેમજ રાજ્ય સરકારે ૧૦ ટકા ઈબીસી જોગવાઈ કરી હતી.

વેચી દીધેલો ફલેટ ભાડેથી રાખી કબજો જમાવી દેવાતા ફરિયાદ

સુરત

અડાજણ વેસ્ટર્ન સોમચિંતામણી રેસિડેન્સીનો ફલેટ વેચાણથી આપ્યા બાદ લીવ એન્ડ લાયસન્સના કરારથી રહી ખોટા કૂટલેખો બનાવી ફલેટ ઉપર કબજો જમાવી દઈ દીધો હોવાની ફરિયાદ ફલેટ ખરીદનારે અડાજણ પોલીસ મથકે નોંધાવી હતી.

અડાજણ પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ ન્યૂ સિટીલાઈટ ચાઈના કોર્ટની પાછળ આશીર્વાદ એન્કલેવમાં રહેતા સંગીતાબેન મિતુલકુમાર છુંછાનીએ આરોપી બાબુલાલ માધવજીભાઈ અદાણી, હિરેન બાબુલાલ અદાણી વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. આરોપીઓ પાસેથી ફરિયાદી સંગીતાબેન મિતુલકુમારે અડાજણ વેસ્ટર્ન સોમ ચિંતામણી રેસિડેન્સી ફલેટ નં. ડી/૨૦૧ રૂા. ૨૧.૭૨ લાખના ચેકથી ખરીદી કરી હતી. આ ફલેટ આરોપીઓએ લીવ એન્ડ લાઈસન્સ કરારથી રહેતા હતાં. આરોપીઓએ ફરિયાદીના પતિ પાસેથી રૂા. ૨૮.૨૮ લાખ હાથ ઉછીના લીધા હતા. જે પણ પરત નહીં કરી ફલેટ ઉપર કબજો જમાવી રાખી ફરિયાદીની માલિકીના હક્કોને નુકસાન પહોંચાડવા માટે બનાવતી સાટાખતો કરી વિશ્વાસઘાત છેતરપિંડી કરી હતી. અડાજણ પોલીસે ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે.

કોસાડ આવાસમાંથી રૂા.૭૮ હજાર ચોરાયા

સુરત

અમરોલી- કોસાડ એસએમસી આવાસ બિલ્ડિંગ ખાતે દેવીપૂજકના ઘરમાંથી શકદાર દેવીપૂજકે રૂા.૭૮ હજાર રોકડાની ચોરી કરી ફરાર થઈ ગયો હોવાનો બનાવ અમરોલી પોલીસ મથકમાં નોંધાયો હતો.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર મહિધરપુરા-ઝાંપાબજાર મોતી ટોકીઝ ઝાલાવાડના ટેકરા પાસે પ્રકાશભાઈ કાંતિભાઈ દંતાણી (દેવીપૂજક) છુટક કપડા વેચવાનો ધંધો કરે છે. ગત તા.૨૬મી નવેમ્બરના રોજ ભંગાર વેચવાનો ધંધો કરતા જશવંતભાઈ જયંતીભાઈ દેવીપૂજક શકદાર પ્રકાશભાઈની શુટકેસમાં મુકેલા રૂા.૭૮ હજાર રોકડની ચોરી કરી ફરાર થઈ ગયો હતો. ચોરીના બનાવ કોસાડ એસએમસી આવાસ બિલ્ડિંગમાં બન્યો હતો. દેવીપૂજકે અમરોલી પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે આઈપીસી ૩૮૦ મુજબનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

નહેરુ યુવા કેન્દ્રના યુવા સંયોજકોની બેઠક મળી



વલસાડ

ભારત સરકારના યુવા કાર્યક્રમ અને ખેલ મંત્રાલયના નહેરુ યુવા કેન્દ્રના ગુજરાત રાજ્યના યુવા સંયોજકો તથા એકાઉન્ટન્ટોની સમીક્ષા બેઠક નહેરુ યુવા સંગઠનના નેતા પ્રદિપસિંહ વાઘેલના અધ્યક્ષસ્થાને ગાંધીનગરના અતિથિગૃહ ખાતે મળી હતી.

બેઠકને સંબોધતાં પ્રદિપસિંહ વાઘેલાએ જણાવ્યું હતું કે, ગુજરાત રાજ્યના દરેક ગામમાં યુવા મંડળોની રચના કાર્યવાહી હાથ ધરી ૩૦ હજાર જેટલા યુવા મંડળોની રચના કરી તેઓને યુવા પ્રવૃત્તિમાં જોડવાનું સૂચન કર્યું હતું. આગામી દિવસોમાં યુવાદિન અને શહીદ દિવસોની ઉજવણી સમગ્ર રાજ્યમાં એક સાથે થાય તે પ્રકારનું આયોજન પણ અત્યારથી જ તૈયારી કરી દેવા અનુરોધ કર્યો હતો. હર ગાંવ જાયેંગે કલબ નયા બનાયેંગે, યુવાઓંકો જોડેંગે ઓર નયા ભારત બનાયેંગે સૂત્રને સાથે લઈ જિલ્લાની જરૂરિયાત મુજબ સ્પેશિયલ પ્રોજેકટ બનાવવા જણાવ્યું હતું. કાશ્મીર યુથ એક્ષ્ચેન્જ કાર્યક્રમ, એક ભારત શ્રેષ્ઠ ભારત અંતર્ગત ઈન્ટર સ્ટેટ યુથ એક્ષ્ચેન્જ કાર્યક્રમ અંગે વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી. આ બેઠકમાં કચ્છના સાંસદ વિનોદ ચાવડા, પંકજ શુકલ, ધવલભા દવેએ પણ યુવા પ્રવૃત્તિઓ અંગે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું.

બેઠકમાં નહેરુ યુવા કેન્દ્ર દ્વારા થઈ રહેલા યુવા કાર્યક્રમોની જિલ્લાવાર જાણકારી અનિલકુમાર કૌશિક દ્વારા આપવામાં આવી હતી.

ગાંધીનગરના યુવા સંયોજક રજનીકાંત સુથારે આભારવિધિ આટોપી હતી.

દિવ્યેશ દરજીની જામીન અરજીની સુનાવણીમાં સોમવારની મુદ્દત પડી

સુરત

લાખ્ખો અને કરોડો રૂપિયાના બિટકોઈન અને બિટકનેક્ટ કૌભાંડમાં સંકળાયેલા આરોપી દિવ્યેશ દરજીની જામીન અરજીની સુનાવણી આજે હાથ ધરાઈ હતી. મુખ્ય સરકારી વકીલ નયન સુખડવાળાએ આરોપી દિવ્યેશ દરજી સામે એફીડેવીટ કરવાનો સમય માંગતા હવે આ જામીન અરજીની સુનાવણી ઉજ્જ ડિસે.ના રોજ હાથ ધરાશે.

આ કેસની વિગતો એવી છે કે, ગત મહિનાઓમાં ભૂતપૂર્વ ટ્યુશન સંચાલક દિવ્યેશ દરજીએ બિટકોઈન અને બિટકનેક્ટના નામે લોભામણી વાતો કરીને દેશ વિદેશમાંથી લોકોના કરોડો રૂપિયા હડપ કરી લીધા હતા.

સીઆઈડી ક્રાઈમમાં ફરિયાદ દાખલ કરવામાં આવતા આ ગુનાની તપાસ કરતા પીઆઈ નરવડેએ આરોપી દિવ્યેશની ધરપકડ કરી રિમાંડ પણ મેળવ્યા હતા. હાલમાં તે લાજપોર જેલમાં છે. સીઆઈડી ક્રાઈમે આરોપી સામે ત્રણેક હજાર પાનાની ચાર્જશીટ રજૂ કરી હતી.

ત્યારબાદ આરોપીના વકીલ કેતન રેશમવાળા તથા ઝકી મુખત્યાર શેખે જામીન અરજી રજૂ કરી હતી. આજે હાથ ધરાઈ ચૂકેલી જામીન અરજીની સુનાવણી દરમ્યાન ડીજીપી નયન સુખડવાળાએ આરોપી સામે સોગંદનામું રજૂ કરવાનો સમય માંગતા હવે સુનાવણી સોમવારના રોજ હાથ ધરાશે.

મનપા દ્વારા રચાયેલી બોર્ડ સમિતિની વહીવટી તંત્ર દ્વારા હળાહળ ઉપેક્ષા

સુરત

પ્રજાના પ્રશ્નોના નિરાકરણ માટે મનપાએ બનાવેલી વોર્ડ સમિતિની બેઠકમાં અધિકારી-કર્મચારીઓ આવતા જ ન હોવાની ફરિયાદ ઉઠવા પામી છે. આ વોર્ડ સમિતિ જાણે શોભાના ગાંઠિયાના રૂપ હોય તેમ મનપાના અધિકારી-કર્મચારીઓના વર્તન પરથી સ્પષ્ટ થઈ રહ્યું છે.

આજે મનપાના લીંબાયત ઝોનની નવી વોર્ડ સમિતિની બેઠક અધ્યક્ષ અસલમ શેખ સાઈકલવાલા સભ્ય શૈલેષ રાયકા, લીલાબેન સોનવણેની ઉપસ્થિતિમાં મળી હતી. સવારે ૧૧-૦૦ વાગે આ બેઠકનો સમય હોવા છતાં પણ લીંબાયત ઝોનના સંબંધિત અધિકારી-કર્મચારીગણમાંથી એકપણ વ્યકિત ફરકતાં નહીં, આખરે આ બેઠક મુલતવી રાખવાની ફરજ પડી હતી.

અભણ પિતાએ શાળા માટે રૂ ૧૦ લાખની જમીન દાન આપવા દિકરાને પ્રેરણા આપી

ગીર-સોમનાથ

શહેરી વિસ્તારોમાં કરોડોનો ખર્ચે નિર્માણ થતા શૈક્ષણિક સંકુલો સામે વેરાવળ પાસેના ઈણાજના વાડી વિસ્તારમાં રૂા. ૨૪ લાખનાં ખર્ચે સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત નિર્માણ થયેલી સોનપાટ સીમશાળા અંતરિયાળ વિસ્તારમાં નાના ભુલકાઓ માટે દિવાદાંડી રૂપ બની છે.

આ શાળાની ખાસ વાત એ છે ઈણાજનાં ૭ ધોરણ ભણેલા લખુભાઈ સોલંકીને તેમના પિતા ભારાબાપાએ ભુલકાઓ માટે ભાર વિનાનાં ભણતર માટે રૂા. ૧૦ લાખની ખેતીની કિંમતી જમીન શાળાનું મકાન બનાવવાં દાન આપવા પ્રેરણા આપી હતી. ગુરુવારે ઈણાજની સીમ વિસ્તારનાં ૬૦ બાળકો માટે નિર્મિત આ શાળાને દાતા પરિવાર સાથે જિલ્લા કલેકટર અજય પ્રકાશ અને રાજય બીજ નિગમનાં ચેરમેન રાજશીભાઈ જોટવાએ બાળકો માટે ખુલ્લી મુકી હતી.

શાળાનું શિક્ષણ પરિવાર ભાવના અને દાતા પરિવારની લાગણી સાથે નાતો જોડી જિલ્લા કલેકટરએ શાળા સુધી પહોંચવા ૧૦ મીટર પહોળા અને ૩૨૪ મીટર લંબાઈનાં સિમેન્ટ રોડ માટે રૂા.૩.૫૦ લાખની ગ્રાન્ટ મંજુર કરી કહ્યું કે, વહિવટીતંત્ર અને લોકભાગીદારીનું શ્રેષ્ઠ મોડલ ઈણાજની સોનપાટ સીમશાળા છે. આ શાળાની હવે હું અવાર-નવાર મુલાકાત લઈશ તેમ જણાવી ઉમેર્યું કે, પોતાની કિંમતી જમીન શિક્ષણ માટે દાનમાં આપવી એ સેવાની ભાવના છે અને આવું દરેક ક્ષેત્રે બને તો વિકાસ ખુબ ઝડપથી થઈ શકશે.આ પ્રસંગે શાળાની જમીનદાતા સોલંકી પરિવારનું જિલ્લા કલેકટર, અને ગ્રામજનો દ્વારા બહુમાન કરાયું હતું.

શાળાનાં ભુતપૂર્વ આચાર્ય રમેશભાઈ ઝાલા અને વર્તમાન આચાર્ય ભરત ચુડાસમાનું બાળકોને શિક્ષણ માટે હંમેશા પ્રોત્સાહિત કરવા ગ્રામજનો અને યુવાનો દ્વારા બહુમાન કરાયું હતું.

ન્યુ સિટીલાઈટમાંથી ૨૨ વર્ષીય વર્ષાબેન પરમાર ગુમ થયા છે

ખટોદરા પોલીસ સ્ટેશનના જણાવ્યાનુસાર તા.૨/૧૧/૧૮ના રોજ ખટોદરા વિસ્તારના ન્યુ સીટી લાઈટ રોડ પરથી મહાવીર નગર ગાયત્રી મંદિર સામે રહેતા ૨૨ વર્ષીય વર્ષાબેન કિશોરભાઈ પરમાર ઘરેથી કોઈને કહ્યા વગર કયાંક ચાલ્યા ગયા છે. જે શરીરે મધ્યમ બાંધાના, રંગે ગૌરવર્ણી, ઉંચાઈ ૫.૨ ફુટ છે. બ્લ્યું રંગનું પંજાબી શુટ પહેર્યુ છે. જમણા હાથની વચલી આંગણી ઉપર એન નું છુંદણું છે.







સાંકળચંદ પટેલ યુનિવર્સીટી ખાતે રાજ્યપાલ મુખ્યમંત્રીની હાજરીમાં પ્રથમ પદવીદાન સમારોહ યોજાયો

એસ.કે યુનિ ખાતે પદવીદાન સંપન્ન-રાજ્યપાલ મુખ્યમંત્રીના હસ્તે ૧૮૩ પદવીધારકોને ડીગ્રી-મેડલ્સ એનાયત





જ્ઞાનાર્જનનું પ્રયોજન કેવળ જ્ઞાન માટે નહી કરતાં સમાજ-અને રાષ્ટ્રના નિર્માણ માટે કરવું જોઈએ : રાજ્યપાલ ઓ.પી.કોહલી

જીવનના મુલ્યોનું સર્જન કરવાનું કામ શિક્ષણ કરે છે : રાજ્યપાલ

યુવા છાત્રા શક્તિ પોતાના જ્ઞાન-કૌશલ્યનો વિનિયોગ રાષ્ટ્રહિત-સમાજહિત માટે કરવા મુખ્યમંત્રીનું આહવાન

રાજ્યપાલ ઓ.પી.કોહલી તેમજ મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીએ એસ.કે.યુનિ ખાતે યોજાયેલ પદવીદાન સમારોહમાં ૧૮૩ ઉપરાંત યુવા છાત્રોને પદવી અર્પણ તથા શ્રેષ્ઠ વિદ્યાર્થીઓને મેડલ્સ પ્રદાન કર્યા બાદ દિક્ષાંત પ્રવચનમાં આ પ્રેરણા આપી હતી. રાજ્યપાલ તેમજ મુખ્યમંત્રીએ યુવા વિદ્યાર્થીઓને જ્ઞાનની પદવી શિક્ષા સાથે સમાજદાયિત્વની દિક્ષાથી જ જીવન કારકીર્દી સાર્થક કરવાનું પ્રેરક આહવાન કર્યુ છે.

આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રાજ્યપાલ ઓ.પી.કોહલીએ જણાવ્યું હતું કે વિશ્વ વિધાલયો અને વિધાર્થઓની ભાવના થકી શિક્ષણ સાર્થક બને છે. વિશ્વ વિધાલયનો યુવાનોને પરંપરાથી જોડી મોર્ડન બને તે પણ જરૂરી છે..સરકાર બધુંજ કરી શકતી નથી આ માટે સમાજે પ્રયાસ કરવો જોઈએ..વિશ્વ વિધાલયોની ભુમિકા જ્ઞાનાર્જન છે.

રાજ્યપાલ વધુમાં જણાવ્યું હતું કે વિધાર્થીઓને જ્ઞાનાર્જનનું પ્રયોજન કેવળ જ્ઞાન માટે નહી કરતાં સમાજ-અને રાષ્ટ્રના નિર્માણ માટે કરવું જોઈએ. શિક્ષાનો ઉપયોગ આપણા માટે નહી કરતાં સમાજ,દેશ અને રાષ્ટ્રના નિર્માણ માટે કરવો જોઇએ .રાજ્યપાલ ઓ.પી.કોહલીએ જણાવ્યું હતુ કે શિક્ષા મનુષ્યને પ્રકાશ અને મધુરતા આપે છે. આપણા વિશ્વવિધાલયો દુનિયામાં શ્રેષ્ઠત્તમ પ્રાપ્ત કરે તે દિશામાં પ્રયત્નો કરવા પણ જણાવ્યું હતું.

રાજ્યપાલએ જણાવ્યું હતું કે વિધાર્થીઓ આગામી સમયમાં આવનાર અનેક નવા પડકારોનો સામનો કરવાનો છે.સાંકળચંદ પટેલ વિશ્વ વિધાલય સામાજિક જવાદારી નિભાવી વિધાર્થીઓ પ્રેરણા આપે તે જરૂરી છે.

મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીએ વિસનગરની સાંકળચંદ પટેલ યુનિવર્સીટીના પ્રથમ પદવીદાન સમારોહમાં છાત્ર શક્તિને રાષ્ટ્રહિત સર્વોપરીનો ભાવ વ્યક્તિગત જીવન સાથે સમુહ જીવનમાં કેળવવાનું પ્રેરણાદાયી આહવાન કર્યુંછે.આ સંદર્ભમાં તેમણે કહ્યું કે વિદ્યા પ્રાપ્તિબાદ હવે તમે સમાજ જીવનમાં પદાર્પણ કરો છો ત્યારે આ જ્ઞાન સંપદા સમાજના છેવાડાના માનવીના કલ્યાણ માટે ઉપયુકત બને તેવો સમષ્ટિ કલ્યાણ ભાવ રાખવો એજ શિક્ષા સાથે દિક્ષાનો સમન્વય છે.

મુખ્યમંત્રીએ પદવીદાન સમારોહની પરંપરાને પ્રાચીન ગુરૂકુળ પરંપરા સાથે તુલના કરતાં કહ્યું કે પ્રાચીન કાળમાં આશ્રમમાંથી જ્ઞાન કૌશલ્ય મેળવી સમાજમાં જતા ઋષિકુમારોને માથે હાથ મુકીને આશિષ આપતાં અને આભામંડળમાં અર્જીત કરતાં હતા.

-મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણી-

- સ્વ હિતથી ઉપર ઉઠી સમષ્ટિ હિત-ચારિત્ર્ય નિર્માણથી રાષ્ટ્ર નિર્માણ માટે યુવાનો સજ્જ બને
- ગુજરાતે પાછલા દોઢ દાયકામાં ૦૭માં થી ૬૦ યુનિવર્સીટીઓ દ્વારા યુવાનોને વિશ્વકક્ષાનું સમયાનુંકુલ જ્ઞાન ઘર આંગણે ઉપલબ્ધ બનાવ્યું છે.
- ૨૧મી સદી જ્ઞાન વિજ્ઞાનની સદી નયા ભારતના નિર્માણની સદી બને તેમાં ગુજરાતની છાત્ર શક્તિ અગ્રેસર યોગદાન આપશે

આજ પરંપરા વર્તમાન યુગમાં પ્રાધ્યાપકો,ગુરૂજનો આવા પદવીદાનથી નિભાવે છે.વિજયભાઇ રૂપાણીએ યુવાશક્તિને પ્રેરણા આપતાં જણાવ્યું કે ૨૧ મી સદી જ્ઞાન-વિજ્ઞાનની સદી છે.પ્રધાનમંત્રી નરેન્દ્રભાઇ મોદી નયા ભારતના નિર્માણ માટે આ જ્ઞાન વિજ્ઞાનની સદીને ભારતની સદી બનાવવા સંકલ્પ બધ્ધછે.ગુજરાતની યુવા છાત્ર શક્તિ પોતાના જ્ઞાન કૌશલ્યથી ભારત માતાને વિશ્વ ગુરૂ બનાવવા કર્તવ્ય રત રહે સાથો સાથ ચારિત્ર્ય નિર્માણ થી રાષ્ટ્ર નિર્માણ અને સમાજ સેવા માટે સમર્પિત રહે તેજ વિધા જ્ઞાનની સાચી સાર્થકતા છે.તેમણે ગુજરાતમાં સમયાનુંકુળ જ્ઞાનના નવાક્ષેત્ર પાછલા દોઢ દાયકા માં આ સરકારે ખોલ્યા છે તેની ભુમિકા આપી હતી. તેમણે રાજ્યમાં ૦૭ માંથી ૬૦ યુનિવર્સીટી તેમજ પેટ્રોલિયમ,રક્ષા,અને ફોરન્સીક જેવી વિશ્વ કક્ષાની યુનિવર્સીટીઓથી રાજ્યના યુવાનોને શિક્ષણ માટે રાજ્ય-દેશ બહાર જવાના બદલે ઘર આંગણેજ શ્રેષ્ઠ સુવિધા પુરી પાડે છે. તેમ પણ ગૌરવસહ જણાવ્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ પદવી ધારક યુવાનોનો ઉજ્જવળ ભાવિ અને ઉચ્ચ કારકિર્દીની શુભેચ્છાઓ આપી હતી.

શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું હતુ કે પ્રધાનમંત્રીશ્રી અને મુખ્યમંત્રીશ્રીના પ્રયત્નોથી વૈશ્વિક હરણફાળ ભરી છે. ઈન્ફોર્મેશન ટેકનોલોજી થકી ઈન્ડિયા આજે અને ઈન્ડિયા આવતી કાલનું સ્વપન પુરૂ થઇ રહ્યું છે.સ્ટેન્ડઅપ,સ્ટાર્ટઅપ મેઇક ઇન ઇન્ડિયા,ડીજીટલ ઇન્ડિયા થકી યુવાધનનો વિકાસ થઇ રહ્યો છે.રાજ્ય સરકાર યુવાનોના સંશોધનને પુરસ્કાર આપે છે. આપણે વિકાસની હરીફાઇમાં આવી ગયા છે જે છેલ્લા ચાર વર્ષમાં વિશ્વએ નોંધ લીધી છે.

પ્રદેશ અગ્રણી જીતુભાઇ વાઘાણીએ જણાવ્યું હતું કે સાંકળ યુનિના નામ સાથે મીઠાશ જોડાયેલી છે જે યુનિ આજે વટવૃક્ષ બની છે.વિધાર્થીઓ નવી ઉડાન સાથે સ્વપન પુરા થાય તે માટેનો યુનિનો આ કાર્યક્રમ વિધાર્થીઓ માટે સોનેરી મોકો બનવાનો છે. વિધાર્થીઓ સંકલ્પબધ્ધ બનીસમાજ માટે સમર્પણ ભાવથી કામ કરવાની સંવેદના દાખવવા જણાવ્યું હતું તેમણે.પ્રથમ પદવી દાન સમારંભથી સાંકળચંદ દાદાને ખરા અર્થમાં શ્રધ્ધાંજલી પાઠવી છે તેમ જણાવ્યું હતું

સાંકળચંદ પટેલ યુનિવર્સીટી તકનીકી અને તબીબી ક્ષેત્રે વિધાર્થીઓને શિક્ષણ આપતી સંસ્થા છે. વિધાર્થીઓના ટેકનીકલ અને પ્રોફેશનલ ક્ષેત્રના સર્વાંગિ વિકાસ માટે યુનિ દ્વારા પ્લેટફોર્મ પુરૂ પડાઇ રહ્યું છે. સાંકળચંદ પટેલ યુનિવર્સીટીની સ્થાપના ૨૦૧૬માં કરવામાં આવી હતી. ખુબજ ટુંકાગાળામાં રાષ્ટ્રીય તથા રાજ્ય ક્ષેત્રે ઉત્તમ કામગીરી સાંકળચંદ પટેલ યુનિવર્સીટી કરી રહી છે.૨૦૧૬માં પ્રવેશ મેળવી પદવી પ્રાપ્ત કરનાર વિધાર્થીઓ માટેનો પદવીદાન સમારંભ ૨૮ નવેમ્બરના રોજ આ પદવીદાન સમારંભમાં વિવિધ શાખાઓ એન્જીનીયરીગ (એમ.ટેક), ફાર્મસી(એમ.ફાર્મ), નર્સિંગ, પી.જી.ડી.સી.એ, એમ.બી.એ તથા એમ.કોમના વિધાર્થીઓને પદવી એનાયત કરવામાં આવી હતી.

કાર્યક્રમમાં રેવાબેન મનોરભાઇ પટેલ દ્વારા આઇ.સી.યુની સુવિધા માટે રૂ ૫૧ લાખનો ચેક અર્પણ કરાયો હતો.કાર્યક્રમમાં ધારાસભ્ય ઋષિકેશભાઇ પટેલ, રમણભાઇ પટેલ, અગ્રણી સોમભાઇ મોદી, એસ.કે.યુનિના પ્રમુખ પ્રકાશભાઇ પટેલ,,એસ.કે.યુનિના અધિકારીઓ,વિધાર્થીઓ અને મોટી સંખ્યામાં વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા.

જી-૨૦ સમિટમાં વૈશ્વિક આર્થિક સહકાર, જળવાયુ પરિવર્ત સહિતના મુદ્દાઓ મુખ્ય રહેશે

નવીદિલ્હી

આર્જેન્ટનાના બ્યુનસ આયરસ ખાતે આગામી ૩૦ નવેમ્બર અને ૧ ડિસેમ્બર દરમિયાન જ્ર૨૦ દેશોની બેઠક મળવાની છે, ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદી પણ જી૨૦ બેઠકમાં ભાગ લેવા માટે ભારતથી રવાના થઈ ગયા છે. વડા પ્રદાન નરેન્દ્ર મોદી જી૨૦ સમિટમાં ભાગ લેવા ઉપરાંત અહીં આવેલા વિશ્વનાં દેશોના સાથે પણ વાટાઘાટો કરશે. અમેરિકાના રાષ્ટ્રપતિ ડનાલ્ડ ટ્રમ્પ, રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન અને ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ સાથે વડા પ્રધાન મોદીની મુલાકાત પ્રસ્તાવિત છે.

વર્ષ ૨૦૧૮ની આ સમિટ પ્રથી જી૨૦ સમિટની ૧૦મી વર્ષગાંઠ પણ છે. જી૨૦ દેશોની પ્રથમ બેઠક વર્ષ ૨૦૦૮માં વૈશ્વિક આર્થિક મંદીનો સામનો કરવા માટે મળી હતી. જ્ર૨૦એ વિશ્વના ૧૯ દેશ અને યુરોપિયન યુનિયનનું બનેલું એક સંગઠન છે. જ્ર૨૦ દેશો ભેગા મળીને વિશ્વના સરેરાશ ઘરેલુ ઉત્પાદન (જીડીપી)નો ૮૦ ટકા હિસ્સો ધરાવે છે. આ દેશોમાં વિશ્વની બે તૃતિયાંશ વસતી રહે છે.

જી૨૦ ની સ્થાપના વર્ષ ૨૦૦૮માં આવેલી વૈશ્વિક મંદીનો સામનો કરવા માટે થઈ હતી. હવે આ બેઠકમાં વૈશ્વિક આર્થિક સહકાર, આર્થિક નીતિઓ, જળવાયુ પરિવર્તન, વિકાસ અને ઊર્જા જેવા મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવે છે અને ટાર્ગેટ નક્કી કરવામાં આવે છે.

જી૨૦ બેઠકનો એજન્ડા: મહત્વના ત્રણ મુદ્દાઓ પર હાથ ધરાશે ચર્ચા : ૧. ભવિષ્યનું આયોજન - માનવમૂડીનો મહત્તમ ઉપયોગ ,૨. માળખાગત સુવિધાઓનો વિકાસ - ઉપલબ્ધ તમામ સ્રોતનો માળખાગત સુવિધાઓના વિકાસમાં ઉપયોગ ,૩. ટકાઉ ખાદ્ય ભવિષ્ય - જમીનની ફળદ્રુપતામાં વધારો કરવો

ભારતના વિદેશ મંત્રાલયના સચિવ વિજય ગોખલેએ જણાવ્યું કે, જી૨૦ સમિટમાં ભાગ લેવા ઉપરાંત વડા પ્રધાન મોદી વિશ્વના ટોચના નેતાઓ સાથે પણ બેઠક કરશે. ભારત વિશ્વના વિકાસમાં ભાગીદાર બનવા માટે હંમેશાં તૈયાર રહ્યું છે.

ગુજરાતમાં નિવાસ કરતાં રાજસ્થાનના કર્મચારી-કામદારો તેમના રાજ્યમાં મતદાન કરી શકે તે માટે વૈકલ્પિક વ્યવસ્થા કરીને ખાસ રજા આપવાની રહેશે

રાજસ્થાન રાજ્યમાં આગામી તા.૭ ડિસેમ્બર-૨૦૧૮, શુક્રવારના રોજ વિધાનસભાની સામાન્ય ચૂંટણી યોજાનાર છે.

રાજસ્થાન રાજ્યના રહેવાસી હોય અને નોકરી ધંધા માટે ગુજરાતમાં રહેતા હોય તેવા રાજસ્થાનના મતદારો મતદાનના દિવસે મતદાન કરી શકે તે માટે ગુજરાત દુકાનો અને સંસ્થા અધિનિયમ ૧૯૪૮ની કલમ ૧૮(૧)(બ)(ક) હેઠળ સંસ્થાનિક સંસ્થાઓ, ગ્રામીણ, રાષ્ટ્રીયકૃત, ખાનગી અને સહકારી બેન્કો, રાજ્ય તથા કેન્દ્ર સરકારની આવશ્યક સેવાઓ અંગેની કેટલીક કચેરીઓ, રેલવે, ટેલીફોન-તાર અને પોસ્ટ જેવી કેટલીક કચેરીઓ, દુકાનો વાણિજ્ય સંસ્થાઓ, હોટલો, ઔદ્યોગિક એકમો, સરકારી હોસ્પિટલો, પોલીસ સ્ટેશનો, ફાયરબ્રીગેડ, અને આવશ્યક સેવાઓ આપતી અન્ય સંસ્થાઓ/કચેરીઓને ચૂંટણીના દિવસે અઠવાડિક રજાની બદલીમાં વૈકલ્પિક વ્યવસ્થા કરીને આવા કર્મચારીઓ તથા શ્રમયોગીઓને મતદાન માટે ખાસ રજા આપવા શ્રમ નિયામક, ગાંધીનગરની યાદીમાં જણાવાયું છે.

મહારાષ્ટ્રમાં શક્ય છે તો શું ગુજરાત સરકાર ૨૫ વર્ષથી ડમરું વગાડે છે?: હાર્દિક પટેલ

ગાંધીનગર

ઓબીસી કમિશન સમક્ષ સર્વે માટે કરીશું રજુઆત : "ગુજરાતમાં આનંદીબેન સરકારે ૧૦ ટકા ઇબીસીની જાહેરાત કરી હતી. આ વખતે હાઇકોર્ટે સૂચન કર્યું હતું કે આ અનામત કોઈ પણ પ્રકારના સર્વે વગર આપવામાં આવ્યું હોવાથી તેને માન્ય રાખી શકાય નહી. સાથે કોર્ટે આદેશ કર્યો હતો કે સર્વે બાદ જ અનામત આપી શકાય. ગુજરાતમાં સર્વે થશે એટલે દૂધનું દૂધ અને પાણીનું પાણી થઈ જશે. સર્વેમાં ખબર પડી જશે કે પાટીદાર સમાજ કેટલો દુઃખી અને પછાત છે. સર્વેની માંગણી સાથે જ અમે ઓબીસી કમિશન સમક્ષ રજુઆત કરીશું. અમે પંચને વિનંતી કરીશું કે મહારાષ્ટ્રની જેમ ગુજરાતમાં સર્વે કરીને તમે જ નક્કી કરો કે પાટીદાર સમાજને અનામતની જરૂર છે કે નહીં."

મહારાષ્ટ્ર સરકારે ત્રણ જ વર્ષમાં સર્વે કરીને અનામતની જાહેરાત આપી દેવા અંગે હાર્દિકે કહ્યુ કે,"મહારાષ્ટ્ર સરકારને ફક્ત ત્રણ જ વર્ષમાં આટલી બુદ્ધિ ચાલતી હોય તો ગુજરાતની સરકાર શું છેલ્લા ૨૫ વર્ષથી ડમરું વગાડે છે? આટલા અનુભવ પછી પણ સરકાર લોકોને મુર્ખ બનાવે છે. મહારાષ્ટ્ર સરકારે અનામતની જાહેરાત કરી એટલે સરકાર સફાળી જાગી છે અને નાટકો શરૂ કર્યા છે. અમારે કોઈ નાટકો નથી જોઈતા. અમે ઇચ્છીએ છીએ કે ત્રણ મહિનામાં સર્વે થાય અને અનામતની જાહેરાત કરવામાં આવે.

"ઓબીસી આયોગના અધ્યક્ષ સુજ્ઞાબેન ભટ્ટ સત્તાના મદનમાં લાલ લાઇટ લઈને ફરી રહ્યા છે. આ કમિશન અમારી રજુઆતને શા માટે ગંભીરતાથી નથી લેતું તે વિચારવા જેવો પ્રશ્ને છે. જો પંચને એવું લાગે તે અન્ય કોઈ સમાજનો પણ સર્વે કરવાની જરૂર છે તો અમને તેની સામે કોઈ જ તકલીફ નથી.

રાજ્યમાં મગ અને અડદની લઘુતમ ટેકાના ભાવે ખરીદી કરાશે

૧૫મી ડિસેમ્બરથી ૨૪મી ફેબ્રુઆરી દરમિયાન ૯૯ ખરીદી કેન્દ્રો પરથી ખરીદી કરાશે : તા.૧લી ડિસેમ્બર-૨૦૧૮થી ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાશે

રાજ્યના ખેડૂતોને ખેત ઉત્પાદનના પોષણક્ષમ ભાવો આપવા રાજ્ય સરકાર પ્રતિબદ્ધ છે. રાજ્યમાં મગ તથા અડદની લઘુતમ ટેકાના ભાવે ખરીદી કરવામાં આવશે. જે માટે તા.૧લી ડિસેમ્બર-૨૦૧૮થી રજીસ્ટ્રેશન થશે અને તા.૧૦મી ડિસેમ્બર-૨૦૧૮થી તા.૨૪મી ફેબ્રુઆરી ૨૦૧૯ સુધી ખરીદી કરાશે. રાજ્યમાં મગ માટે ૩૦ તથા અડદ માટે ૬૨ મળી કુલ ૯૯ ખરીદ કેન્દ્રો કાર્યરતકરીને ટેકાના ભાવે ખરીદી કરાશે એમ ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમની યાદીમાં જણાવાયું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ખેડુતોને પોષણક્ષમ ભાવો મળી રહે તે હેતુથી ગુજરાત સરકાર દ્વારા KMS-૧૮માં લઘુતમ ટેકાના ભાવે મગ રૂા.૬૯૭૫/ પ્રતિ ક્વિન્ટલ અને અડદ રૂ.૫૬૦૦/ પ્રતિ ક્વિન્ટલ ખરીદી કરવાનું નક્કી કરાયુ છે. જે ખેડુતો પોતાનો મગ/અડદનો જથ્થો વેચવા માગતા હોય તેઓએ i-pds પોર્ટલ પર ઓનલાઈન ફરજિયાત રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે. ઓનલાઈન રજીસ્ટ્રેશન તા.૧/૧૨/૧૮ થી શરૂ કરી તા.૩૧/૧૨/૧૮ સુધી થઈ શકશે તથા રજીસ્ટ્રેશન માટે ખેડુતોએ ચાલુ વર્ષમાં મગ તથા અડદના વાવેતરના ઉલ્લેખ સાથેના નમૂના ૭/૧૨, ૮-અ, આધાર કાર્ડ તથા બેન્કની વિગતો રજૂ કરવાની રહેશે. ૭/૧૨માં વાવેતરનો ઉલ્લેખ ના હોય તો વાવેતર અંગે તલાટી અથવા ગ્રામ સેવકનો દાખલો રજૂ કરવાનો રહેશે. મગ તથા અડદનો જથ્થો ભારત સરકાર દ્વારા નિયત કરેલ ધારા ધોરણ અનુસાર ફેર એવરેજ ક્વોલિટી મુજબનો ખરીદવામાં આવશે. આ અંગે ખેડુતોએ વધુ વિગતો માટે ગુજરાત રાજ્ય નાગરીક પુરવઠા નિગમ લી.ના તાલુકા ગોડાઉનના મેનેજર તથા જિલ્લા કચેરીના નાયબ જિલ્લા મેનેજરનો સંપર્ક કરવા વધુમાં જણાવાયું છે.

વિધાનસભા ખાતે પૂજ્ય ઠક્કર બાપા ની ૧૫૦મી જન્મજયંતી નિમિત્તે પુષ્પાંજલિ અપાઇ



ઠક્કર બાપા ના હૂલામણા નામથી જાણીતા અમૃતલાલ વિઠ્ઠલદાસ ઠક્કરની ૧૫૦મી જન્મજયંતી નિમિત્તે વિધાનસભા પોડિયમમાં આવેલી તેમના તૈલચિત્રને તા.૨૯મી નવેમ્બરના રોજ ગુજરાત વિધાનસભાના સચિવ ડી.એમ.પટેલના હસ્તે ભાવસભર પુષ્પાંજલિ આપવામાં આવી હતી.

આ પ્રસંગે વિધાનસભાના ઉચ્ચ અધિકારીઓ-કર્મચારીઓએ ઉપસ્થિત રહીને પૂજ્ય ઠક્કર બાપાની પ્રતિમાને પુષ્પ અર્પણ કર્યા હતા.

સંસ્કૃત પાઠશાળાના વિદ્યાર્થીઓ માટે

અમદાવાદ ખાતે ૨૯મી નવેમ્બરે યોજાશે રાજ્યસ્તરીય શાસ્ત્રીય સ્પર્ધા

શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા કરશે ઉદઘાટન

સંસ્કૃત પાઠશાળાના વિદ્યાર્થીઓ માટે ૨૭ જેટલા વિષયો પર તા.૨૯મી ડિસેમ્બરે અમદાવાદ ખાતે રાજ્યસ્તરીય સ્પર્ધા યોજાશે. રાજ્યસ્તરીય શાસ્ત્રીય સ્પર્ધા તા.૨૯મી નવેમ્બરથી ૧ ડિસેમ્બર દરમિયાન વરતન્તુ સંસ્કૃત મહાવિદ્યાલય, ભાગવત વિદ્યાપીઠ સોલા, અમદાવાદ ખાતે યોજાઈ રહી છે, જેનું ઉદઘાટન એસજીવીપી ગુરુકુળ અમદાવાદના શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસ સ્વામીની ઉપસ્થિતિમાં શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમા કરશે.

ગુજરાત સંસ્કૃત પાઠશાળા શિક્ષક મંડળના પ્રમુખ ગોવિંદભાઈ પટેલના જણાવ્યા પ્રમાણે આ સ્પર્ધાઓમાં ભારતીય પ્રાચીન શિક્ષા પદ્ધતિ-શલાકા પદ્ધતિના દર્શન થશે. જેમાં ગુરૂજી જે ગ્રંથના પાના પર શલાકા મૂકે તે પાના ઉપરના ઋચાઓ-મંત્રો કે શ્લોક, સ્ત્રોત્ર સ્પર્ધકે મુખપાઠ બોલવો પડે છે અને તેની પ્રસ્તુતિ પરથી જે તે વિષયમાં વિજેતા નક્કી થાય છે. આ સ્પર્ધાઓમાં ૨૭ જેટલા વિવિધ વિષયોને આવરી લેવાશે.

રાજયની સંસ્કૃત પાઠશાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના વિકાસ અર્થે અને વેદ-શાસ્ત્રોના રક્ષણાર્થે શ્રી ગુજરાત સંસ્કૃત પાઠશાળા શિક્ષણ મંડળ, અમદાવાદ દ્વારા પ્રતિ વર્ષ આવા ૨૭ જેટલાં વિષયો ઉપર રાજ્યસ્તરીય શાસ્ત્રીય સ્પર્ધાઓ યોજવામાં આવે છે. આ રાજ્યસ્તરીય સ્પર્ધાઓમાં પ્રથમ નંબરે આવનારા છવ્વીસ જેટલાં વિદ્યાર્થીઓને રાષ્ટ્રીય સ્તરની સ્પર્ધાઓમાં ભાગ લેવા મોકલવામાં આવે છે. આવી સ્પર્ધાઓમાં ગુજરાતના સરેરાશ સાત થી આઠ વિદ્યાર્થીઓ વિવિધ કૌશલ્ય ઝળકાવીને રાષ્ટ્રીય મેડલ વિજેતા બને છે.

શ્રી ગુજરાત સંસ્કૃત પાઠશાળા શિક્ષણ મંડળ, અમદાવાદ દ્વારા યોજાનારી આ સ્પર્ધાઓ માટે રાજ્ય સરકારે આ વર્ષથી ખાસ અનુદાન પણ ફાળવ્યું છે. આ સ્પર્ધા દ્વારા વાદે વાદે જાયતે તત્વ બોધઃ સૂત્ર પ્રમાણે શાસ્ત્રાર્થ દ્વારા જ્ઞાન સંપન્ન બનવાનો પ્રયાસ થશે, સાથે સાથે સંસ્કૃત અને વૈદિક સંસ્કૃતિના જતન સંવર્ધનનો પ્રયાસ પણ થશે.

ઈણાજ સીમ શાળાને ભારાબાપાએ ભાર વિનાનાં ભણતર માટે રૂા. ૧૦ લાખની જમીન આપી



● સરકારે રૂા. ૨૪ લાખનાં ખર્ચે શાળાનું નિર્માણ કર્યું
● વહિવટી તંત્ર અને લોકભાગીદારીનું શ્રેષ્ઠ મોડલ ઈણાજની સોનપાટ સીમશાળા છે :કલેકટર અજય પ્રકાશ
● શિક્ષકોનાં સમર્પણથી સીમશાળાઓ આદર્શશાળા બની છે : રાજશીભાઈ જોટવા

ગીર-સોમનાથ : શહેરી વિસ્તારોમાં કરોડોનો ખર્ચે નિર્માણ થતા શૈક્ષણિક સંકુલો સામે વેરાવળ પાસેના ઈણાજના વાડી વિસ્તારમાં રૂા. ૨૪ લાખનાં ખર્ચે સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત નિર્માણ થયેલ સોનપાટ સીમશાળા રીમોટ એરીયાનાં નાના ભુલકાઓ માટે દિવાદાંડી રૂપ બની છે. આ શાળાની ખાસ વાત એ છે ઈણાજનાં ૭ ધોરણ ભણેલા લખુભાઈ સોલંકીને તેમના પીતા ભારાબાપાએ ભુલકાઓ માટે ભાર વિનાનાં ભણતર માટે રૂા. ૧૦ લાખની ખેતીની કિંમતી જમીન શાળાનું મકાન બનાવવાં દાન આપવા પ્રેરણા આપી. આજે ઈણાજની સીમ વિસ્તારનાં ૬૦ બાળકો માટે નિર્મિત આ શાળાને દાતા પરિવાર સાથે જિલ્લા કલેકટર અજય પ્રકાશ અને રાજ્ય બીજ નિગમનાં ચેરમેન રાજશીભાઈ જોટવાએ બાળકો માટે ખુલ્લી મુકી હતી.

શાળાનું શિક્ષણ પરિવાર ભાવના અને દાતા પરિવારની લાગણી સાથે નાતો જોડી જિલ્લા કલેકટરે એ શાળા સુધી પહોંચવા ૧૦ મીટર પહોળા અને ૩૨૪ મીટર લંબાઈનાં સિમેન્ટ રોડ માટે રૂા.૩.૫૦ લાખની ગ્રાન્ટ મંજુર કરી કહ્યું કે, વહિવટીતંત્ર અને લોકભાગીદારીનું શ્રેષ્ઠ મોડલ ઈણાજની સોનપાટ સીમશાળા છે. આ શાળાની હવે હું અવાર-નવાર મુલાકાત લઈશ તેમ જણાવી ઉમેર્યું કે, પોતાની કિંમતી જમીન શિક્ષણ માટે દાનમાં આપવી એ સેવાની ભાવના છે અને આવું દરેક ક્ષેત્રે બને તો વિકાસ ખુબ ઝડપથી થઈ શકશે.

રાજ્ય બીજ નિગમનાં ચેરમેન રાજશીભાઈ જોટવાએ ૧૯૯૫ થી ૨૦૦૦ ની સાલમાં વેરાવળ તાલુકામાં વાડી વિસ્તારનાં બાળકો માટે ૧૯ સીમશાળાઓ શરૂ કરાઈ હતી. આજે આ શાળાઓ શિક્ષકોનાં સમર્પણથી આદર્શ શાળાઓ બની અને આ સીમશાળાઓ થકી એક પણ બાળક શિક્ષણથી વંચિત ના રહે તેની કાળજી સરકારે લીધી છે. તેમણે શાળામાં કમ્પાઉન્ડ હોલ પણ સત્વરે નિર્માણ થશે તેમ ઉમેર્યું હતું.

આ પ્રસંગે શાળાની જમીનદાતા સોલંકી પરિવારનું જિલ્લા કલેકટર, બિજ નિગમનાં ચેરમેન અને ગ્રામજનો દ્વારા બહુમાન કરાયું હતું. શાળાનાં ભુતપૂર્વ આચાર્ય રમેશભાઈ ઝાલા અને વર્તમાન આચાર્ય ભુરત ચુડાસમાનું બાળકોને શિક્ષણ માટે હંમેશા પ્રોત્સાહિત કરવા ગ્રામજનો અને યુવાનો દ્વારા બહુમાન કરાયું હતું. જિલ્લા શિક્ષણાધિકારી એચ.એન.દાફડાએ દાતા પરિવારને બિરદાવી શાળાનાં નિર્માણમાં સહયોગી સૌ પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરી હતી. આ પ્રસંગે અગ્રણી હરદાસભાઈ મારૂ, આદ્રી શાળાનાં આચાર્ય ભીખાભાઈ બાકુ તેમજ ગ્રામજનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન હસ્નાવદર શાળાનાં આચાર્ય પરબત વાળાએ અને સ્વાગત પ્રવચન વેજાભાઈ સોલંકીએ કર્યું હતું.

આજથી રાજ્યમંત્રી વાસણભાઈ આહિર કચ્છના પ્રવાસે

ભુજ : રાજ્યમંત્રી વાસણભાઈ આહિર તા.૩૦/૧૧ થી ૧/૧૨ સુધીના બે દિવસના કચ્છ જિલ્લાના પ્રવાસે છે. તેઓ તા.૩૦મીએ સવારે ૧૦ કલાકે ચાર રસ્તા, રતનાલ તા.અંજાર મુકામે રતનાલ-ચંદીયા રસ્તાના ખાતમૂહૂર્ત કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે. બાદ ૧૧ કલાકે પંચાયત ઘર, મારીગણા તા.અંજાર મધ્યે નવા પંચાયત ઘરના ખાતમૂહૂર્ત કાર્યક્રમમાં હાજરી આપશે. ત્યારબાદ ૧૮ કલાકે સિરોચા તા.મુન્દ્રા ખાતે સ્નેહમિલન સમારોહમાં હાજર રહેશે. તા.૧/૧૨ના સવારે ૧૧ કલાકે તેમના અંજાર ખાતેના ધારાસભ્યના કાર્યાલયે લોકસંપર્ક કરશે. પ્રવાસ કાર્યક્રમ દરમ્યાન રાત્રિરોકાણ તેમના નિવાસસ્થાન રતનાલ ખાતે કરશે.

ઓઈલ માર્કેટીંગ કંપનીઓ રાજ્યમાં રીટેલ આઉટલેટનું વિસ્તરણ કરશે

સુરત

ભારત જેવા ઝડપથી વૃધ્ધિ પામતા અર્થતંત્ર માટે ઉર્જાની જરૂરિયાત ઘણા ક્ષેત્રોમાં ઝડપથી વધી રહી છે. પીએસયુ ઓઈલ માર્કેટીંગ કંપનીઓ – આઈઓસીએલ, બીપીસીએલ અને એચપીસીએલ દ્વારા પેટ્રોલ અને ડિઝલની વધતી માંગના સંદર્ભમાં રિટેલ આઉટલેટ (પેટ્રોલ પમ્પ) નેટવર્ક વિસ્તરણ હાથ ધરવામાં આવ્યું છે.

પેટ્રોલ અને ડિઝલના રિટેલ વેચાણો વાર્ષિક અનુક્રમે આઠ ટકા અને ચાર ટકાના દરે વધી રહ્યાં છે. ઓઈલ માર્કેટીંગ કંપનીઓ દ્વારા રિટેલ આઉટલેટ નેટવર્ક (પેટ્રોલ પમ્પસ)નું વિસ્તરણ નવા હાઈવેઝ, કૃષિ પોકેટ્સ અને ઔદ્યોગિક ક્ષેત્રો જેવા ઉદભવી રહેલા બજારોમાં ગ્રાહકોની જરૂરિયાત પ્રમાણે હાથ ધરવામાં આવ્યું છે. ગ્રામિણ, અંતરિયાળ અને અતિ દૂરના વિસ્તારમાં પણ રિટેલ આઉટલેટ નેટવર્કનું વિસ્તરણ કરવાનું નક્કી કરવામાં આવ્યું છે. વધારામાં રિટેલ આઉટલેટ નેટવર્કનાં વિસ્તરણથી રોજગારીનું પણ સર્જન થશે. આ ઝુંબેશમાં જેટલા પેટ્રોલ પમ્પસની સંખ્યાની જાહેરાત કરવામાં આવે છે. ઓઈલ માર્કેટીંગ કંપનીઓ દ્વારા ગુજરાતમાં રિટેલ આઉટલેટ વિસ્તરણ યોજનાઓ અંગેની જાણકારી પૂરી પાડવામાં આવી હતી.

ઝીમ્બાબ્વે માં પારકાને પોતાના બનાવીને રહ્યો એ પારકાએ મને પોતાનો બનાવી ચૂંટણી જીતાડી:રાજેશ મોદી

- **ઝિમ્બાબાવેના ઈતિહાસમાં પ્રથમ વખત ભારતીય મૂળના પ્રધાન તરીકે મારી વરાયેલા રાજેશ મોદીનું રાજપીપળામાં જાહેર સન્માન કરાયું.**
- **ઝિમ્બાબ્વેના ભારત સાથે ધંધાકીય સંબંધો વધે એ માટે મોદી સરકારે ભરોસો આપ્યો છેઃરાજેશ મોદી**
- **ઝિમ્બાબ્વેના સરકારી ડેલીગેશને ભારતના ઉદ્યોગપતિઓ સાથે દિલ્હી,જયપુર અને સુરતમાં સફળ બેઠક,તમામ લોકોને ઝિમ્બાબ્વેમાં ઉદ્યોગો સ્થાપવા આમંત્રણ આપ્યુંઃરાજેશ મોદી**



રાજપીપળાઃમહારાષ્ટ્રના ધૂલીયા નવાપુરા ગામે જન્મેલા રાજેશકુમાર ઈન્દુલાલ મોદીએ પોતાનો LLB નો અભ્યાસ ભરૂચ જિલ્લામાં પૂર્ણ કર્યો.બાદ તેઓએ રાજપીપળા ખ્ઈમ્માં એક મીટર રીડર તરીકે નોકરી પણ કરી.તેઓએ ધંધા અર્થે વર્ષ ૧૯૮૧માં વિદેશના આફ્રિકાના ઝિમ્બાબ્વે દેશમાં વસવાટ કર્યો.બાદ ત્યાની પ્રજાની ઇચ્છીએ તેઓએ ત્યાં ચૂંટણીમાં જમ્પ લાવ્યું,જીત્યા અને ઝિમ્બાબ્વે સરકારમાં ઇન્ડસ્ટ્રીયલ એન્ડ કોમર્સ મિનિસ્ટર બન્યા.ઝિમ્બાબાવેના ઈતિહાસમાં પ્રથમ વખત ભારતીય મૂળના પ્રધાન તરીકે મારી વરાયેલા રાજેશ મોદીનું રાજપીપળા સરદાર ટાઉન હોલમાં વિવિધ સમાજના અગ્રણીઓ,સામાજિક સંસ્થાઓ અને વણિક સમાજ દ્વારા જાહેર સન્માન કરાયુ હતું.

આ પ્રસંગે ઝિમ્બાબ્વે સરકારના ઈન્ડસ્ટ્રીયલ એન્ડ કોમર્સ વિભાગના નાયબ મંત્રી રાજેશ મોદીએ જણાવ્યું હતું કે હું જ્યારે ઝીમ્બાબ્વે ગયો ત્યારે પારકાને પોતાના બનાવી રહેતો હતો એ જ પારકાઓએ મને પોતાનો બનાવી ચૂંટણી જીતી એક અઠવાડિયા પેહલા ઝિમ્બાબ્વેના ઉપરાષ્ટ્રપતિ ભારતની મુલાકાતે આવ્યા હતા એ બાદ એમના આમંત્રણને લીધે હું ભારત અને ઝિમ્બાબ્વેના ધંધાકીય સંબંધો વિકસાવવા હું ભારત આવ્યો છું.ઝિમ્બાબ્વે સરકારને ભારતના પીએમ નરેન્દ્ર મોદી પ્રત્યે માન-સન્માન અને વિશ્વાસ છે.એ જ વિશ્વાસે મને ભારતમાં મોલકયો છે.ઝિમ્બાબ્વે સરકારના ડેલીગેશને દિલ્હી ખાતે ભારત સરકારના કેન્દ્રીય ઈન્ડસ્ટ્રીઝ એન્ડ કોમર્સ મિનિસ્ટર સુરેશ પ્રભુ સાથે લાંબી બેઠક કરી હતી.આ બેઠકમાં ભારતના ઉદ્યોગપતિઓ કઈ રીતે ઝિમ્બાબ્વેમાં પોતાના ઉદ્યોગો સ્થાપી રોકાણ કરી શકે એ બાબતેચર્ચાઓ થઈ હતી.સુરેશ પ્રભુએ પણ હકારાત્મક અભિગમ અપનાવ્યો હતો.એ બાદ જયપુરમાં અને સુરત,નવસારીમાં ડાયમંડ ઉદ્યોગકારો સાથે બેઠક કરી એ તમામને ઝિમ્બાબ્વેમાં એમનો ધંધો વિકસાવવા આમંત્રણ આપ્યું છે.

અત્રે એ ઉલ્લેખનીય છે કે નવસારી,સુરત ડાયમંડ એસો.સાથે મિટિંગ માટે ઝિમ્બાબ્વેના મંત્રી રાજ મોદીને નવસારી અને સુરત લાવવાનો મોટો ફાળો મૂળ નવસારીના અને છેલ્લા ૩૨ વર્ષથી ઓસ્ટ્રેલિયા સ્થાયી થયેલા સતિષભાઈ ગાંધીનો મોટો ફાળો છે તેમના સહકારથી ઝિમ્બાબ્વેમાં વધુમાં વધુ રોકાણકારો આવે તેવી વ્યવસ્થા થઈ હતી.

રાજપીપળામાં બાઈકર ગેંગનો આતંક:એક વૃદ્ધનું ૨૭ દિવસની સારવાર બાદ કમકમાટી ભર્યું મોત

રાજપીપળાના એક વૃદ્ધ સત્સંગ કરવા પોતાના ઘરેથી નીકળ્યા દરમિયાન રમફાટ આવતા એક બાઈક ચાલકે એમને અડફેટે લીધા, અંતે વડોદરા ખાતે બ્રેન હેમરેજના કારણે એમનું કરુણ મોત

રાજપીપળા:રાજપીપળામાં કેટલાક લબરમુછીયા યુવાનો પોતાની બાઈકો લઈ લઈને રસ્તાઓ પર તમામ નિયમો નેવે મૂકી પોતાની બાઈકો રમરમાટ હંકારતા હોય છે.આ બાઈકારોની અડફેટે જો કોઈ આવી જાય તો એમનું તો આવીજ બન્યું સમજવું.હવે બન્યું એમ કે ૧લી નવેમ્બરે રમરમાટ આવતા એક બાઈક ચાલકે એક ૮૦ વર્ષના વૃદ્ધને અડફેટે લીધાઆ અકસ્માતમાં એ વૃદ્ધનું ૨૭ દિવસની સારવાર બાદ બ્રેઈન હેમરેજના કારણે કરુણ મોત નિપજતા પરિવારમાં માતમ છવાયો હતો.

બનાવની વિગતો મુજબ ગત ૧લી નવેમ્બર ૨૦૧૮ના રોજ રાજપીપળાના દોલત બજારમાં રહેતા એક વૃદ્ધ મંગુભાઈ સોમાભાઈ સિકલીગર (ઉ.વ.૮૩) સત્સંગ માટે રાધાસ્વામી મંદિરે જવા પોતાના ઘરેથી નીકળ્યા.તેઓ મંદિરે પહોંચે એ પેહલા જ નજીકની એ?સિસ બેંક પાસે રમફાટ આવતા એક બાઈક ચાલકે એમને અડફેટે લીધા.આ અકસ્માતમાં તેઓને પેહલા રાજપીપળામાં પ્રાથમિક સારવાર આપવામાં આવી અંતે ત્યાંથી ગંભીર હાલતમાં વડોદરા ખાતેની એક પ્રાઈવેટ હોસ્પિટલમાં ખસેડાયા.જ્યાં ૨૭ દિવસની સારવાર બાદ ગત ૨૭મી નવેમ્બરે એમનું બ્રેઈન હેમરેજના કારણે એ વૃદ્ધનું કરુણ મોત નીપજ્યું હતું.જોકે આ મામલે કોઈ જ પોલીસ ફરિયાદ નોંધાઈ નથી,પોલીસ ફરિયાદ બાબતે મૃતક વૃદ્ધના પુત્રએ જણાવ્યું હતું કે તેઓ પોતાના પિતાની સારવાર કરાવે કે પોલીસ ફરિયાદ નોંધાવે,પોતાના પિતાની સારવાર દરમિયાન અમારા ખાવાના પણ ઠેકાણા ન્હોતા.

અત્રે એ ઉલ્લેખનીય છે કે રાજપીપળામાં દિવસે દિવસે બાઈકર ગેંગનો આતંક વધ્યો છે.રાજપીપળાના રસ્તાઓ ઉપર નત નવા પ્રકારના મોટે મોટેથી હોર્ન વગાડતા વગાડતા તમામ નિયમો નેવે મૂકી પોતાની બાઈકો હંકારતા હોય છે.આ બાઈકર ગેંગના સભ્યોને કોઈ ટોકે તો તેઓ એની સાથે દાદાગીરી પણ કરતા હોવાનું ચર્ચાઈ રહ્યું છે.તો રાજપીપળાની દરેક ચોકડી ઉપર હવે એક પોલીસ પોઈન્ટ મુકાય,સગીર વયનું કોઈ પણ બાળક જો બાઈક ચલાવતા પકડાય તો એને તરત રોકી બાઈક ડિટેન કરી એના વાલીને સજા કરવી જોઈએ એવી માંગ હાલ રાજપીપળાના શહેરીજનની કરી રહ્યા છે.

નવસારી માં પ્રોહીબીશનના ગુનામાં નાસતા ફરતા આરોપીને ઝડપી પાડતી પેરોલ ફર્લો સ્કોડ ભરૂચ



ભરૂચ જીલ્લા પોલીસ અધિક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસમાની સુચના તેમજ માર્ગદર્શન મુજબ ભરૂચ જીલ્લામાં બનેલ ગુનાઓમાં નાસતા ફરતા આરોપીઓ શોધી કાઢવા જણાવેલ જેથી અમો તથા સ્ટાફ સાથે આવા ગુનેગારો શોધી કાઢવા ઝઘડીયા પટ્રોલગમા હતા દરમયાન મળેલ બાતમી આધારે નવસારી રૂરલ પો.સે. ગુર. ૭૧૫/૨૦૧૮પરોહી એ. કલમ ૬પએ,ટ, ૮૧, ૯૮(૨) મુજબના ગુનાન કામનો નાસતો ફરતો આરોપી વિશાલ મહેન્દ્ર પટેલ રહે. ઝગડીયાનાને પેરોલ ફલો સ્કોડ ભરૂચની ટીમે ઝડપી પાડી કાયદેસર કાર્યવાહી કરી આગળની વધુ તપાસ અર્થે આરોપીને ઝઘડીયા પોસ્ટમાં સોપવામાં આવેલ છે.

ભરૂચની એસ.વી.એમ.આઈ.ટી. એન્જીનીયરીંગ કોલેજના વિદ્યાર્થીઓને ગુજરાત સરકારની SSIP હેઠળ વધુ રૂા.૮૫ હજારની નાણાંકીય સહાય



ભરૂચ : ગુજરાત સરકારની SSIP (સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ અને ઈનોવેશન પોલિસી) યોજના હેઠળ ભરૂચની એસ.વી. એમ.આઈ.ટી. કોલેજના કોમ્પ્યુટર એન્જીનીયરીંગ તથા ઈન્ફોરમેશન ટેકનોલોજીના વિદ્યાર્થીઓને તેમના પ્રોજેક્ટસ, સ્માર્ટ હોમ અને હોમ ઓટોમેશન માટે રૂા.૮૫ હજારની સહાય મેળવી છે. આ પ્રોજેક્ટસ પર વિદ્યાર્થીઓ સંસ્થાના પ્રો.જિજ્ઞાસા પટેલનાં માર્ગદર્શન હેઠળ કામ કરશે.

આ અગાઉ પણ સંસ્થાનાં મિકેનીકલ બ્રાન્ચનાં વિદ્યાર્થીઓને વિવિધ પ્રોજેક્ટસ માટે રૂા.૨.૨૫ લાખની સહાય મળી હતી. આ સાથે સંસ્થાને કુલ રૂા.૩.૧૦ લાખની માન્યતા મળેલ છે તથા ડિપાર્ટમેન્ટનાં સર્વ પ્રાધ્યાપક મિત્રોએ વિદ્યાર્થી મિત્રોને અભિનંદન પાઠવ્યા હતા તથા આશા સેવી છે કે અન્ય વિદ્યાર્થીઓ પણ પ્રેરણા લઇ ભવિષ્યમાં વધુ SSIP યોજના અંતર્ગત નાણાંકીય માન્યતા મેળવે એમ એસ.વી. એમ.આઈ.ટી. કોલેજ - ભરૂચે એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

ડાંગ જિલ્લામાં ૯૬ હજાર બાળકોના સ્વાસ્થ્યની તપાસનો કાર્યક્રમ શરૂ

આહવા

સ્વસ્થ અને તંદુરસ્ત સમાજ નિર્માણ માટે ખૂબ જ સંવેદના સાથે રાજ્યમાં શરૂ થયેલા શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમને કારણે, બાળકોમાં રહેલી છૂપી બિમારીઓ બહાર લાવી શકાય છે તેમ ડાંગ જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતી બીબીબેન ચૌધરીએ, આહવા ખાતે શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમનો શુભારંભ કરાવતા જણાવ્યું હતું.

ડાંગ જિલ્લામાં આરોગ્ય વિભાગ અને શિક્ષણ વિભાગ દ્વારા સતત બે માસ સુધી ચાલનારા આ કાર્યક્રમમાં જિલ્લાના પ્રજાજનો, વાલીઓ સહયોગ આપે તે આવશ્યક છે તેમ જણાવી શ્રીમતી ચૌધરીએ, સેવાયજ્ઞ કરનારા આરોગ્યકર્મીઓને અભિનંદન પાઠવી, રાજ્ય સરકારના પ્રયાસોની સરાહના કરી હતી.

પ્રાસંગિક ઉદ્બોધન કરતા ડાંગના જિલ્લા વિકાસ અધિકારી શ્રી એચ.કે. વઢવાણિયાએ તા.૨૭મી નવેમ્બર, ૨૦૧૮થી તા.૧લી ફેબ્રુઆરી, ૨૦૧૯ દરમિયાન ચાલનારા શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ દરમિયાન જિલ્લાના ૯૬ હજાર, ૭૩૩ બાળકોની શારીરિક, માનસિક ચકાસણી હાથ ધરાશે તેમ જણાવ્યું હતું.

જિલ્લાની ૪૪૦ આંગણવાડીઓ, ૪૨૮ પ્રાથમિક શાળાઓ, ૭૯ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ, ૪ આશ્રમ શાળાઓ, ૧ દિવ્યાંગ શાળા, ૧ કેન્દ્રિય વિદ્યાલય સહિત કુલ-૯૪૩ સંસ્થાઓના બાળકોની શારીરિક સુશ્રૂષા હાથ ધરાશે, તેમ જણાવતા શ્રી વઢવાણિયાએ તંદુરસ્ત સમાજ નિર્માણ માટે સ્વચ્છ અને સ્વસ્થ જીવનશૈલી આવશ્યક છે તેમ પણ ઉમેર્યું હતું. શારીરિક અને માનસિક સ્વસ્થતા સાથે ડાંગના યુવા ખેલાડીઓ એવા મુરલી ગાવિત, અને સરિતા ગાયકવાડ આંતરરાષ્ટ્રીય સ્તરે ડાંગ જિલ્લાનું નામ રોશન કરી રહ્યાં છે, તેમાંથી પ્રેરણા લઈને નવી પેઢીના યુવાનો પણ શારીરિક અને માનસિક ક્ષમતાનો વિકાસ કરે તે જરુરી છે તેમ પણ શ્રી વઢવાણિયાએ વધુમાં જણાવ્યું હતું. શ્રી વઢવાણિયાએ શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમના કારણે બાળકોમાં રહેલી છૂપી બિમારીઓ બહાર લાવી શકાય છે, અને સમયસર તેની સારવાર કરી તેમને નવજીવન મળી રહ્યું છે, જે આ કાર્યક્રમની સફળતા છે તેમ પણ આ વેળા જણાવ્યું હતું.

આહવાની તાલુકા શાળા ખાતે આયોજિત શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમની શરૂઆતમાં તાલુકા શાળાની બાળાઓએ પ્રાર્થના તથા સ્વાગત ગીત રજુ કર્યુ હતુ. અધિક જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડૉ.મેઘા મહેતાએ મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કરી, કાર્યક્રમની રૂપરેખા આપી હતી. કાર્યક્રમના અંતે તાલુકા આરોગ્ય અધિકારીશ્રી ડૉ.પાઉલ વસાવાએ આભારવિધી આટોપી હતી. કાર્યક્રમનું સંચાલન આરોગ્યકર્મી શ્રી રમેશભાઇ પવારે કર્યું હતું. દરમિયાન રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમના તબીબી અધિકારીઓ તથા તેમની ટીમે શાળાના બાળકોની ચકાસણી હાથ ધરી હતી. કઠપુતળીના માધ્યમથી ઉપસ્થિત બાળકો, શિક્ષકો તથા વાલીઓને કાર્યક્રમ સંબંધી જાણકારી પુરી પાડવામાં આવી હતી.

કાર્યક્રમમાં શિક્ષણ વિભાગના પ્રતિનિધિઓ, મહિલા અને બાળ કલ્યાણ કચેરીના પ્રતિનિધિ સહિત સામાજિક કાર્યકર શ્રી રમેશભાઇ ચૌધરી, જિલ્લાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો ખાતે ફરજ બજાવતા તબીબી અધિકારીઓ, તથા તેમની ટીમ સહિત આરોગ્ય શાખાના કર્મચારીઓ વિગેરેએ ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો

અજાણ્યા મૃતકના વાલીવારસો સંપર્ક કરે

વલસાડ

વલસાડ જિલ્લાના કપરાડા તાલુકાના સુથારપાડા સી.એચ.સી.માં તા.૧૨/૧૦/૧૮ના રોજ એક અજાણ્યા વ્યક્તિને દાખલ કરાયો હતો. જ્યાં તે ભાનમાં નહીં આવતાં વધુ સારવાર અર્થે વલસાડની સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. જ્યાં સારવાર દરમિયાન તેનું તા.૧૨/૧૧/૧૮ના રોજ રાત્રે ૯-૦૦ કલાકે મરણ થયું હતું. મૃતક અસ્થિર મગજનો તેમજ ઘણા સમયથી સુથારપાડા ખાતે રહી ભીખ માંગીને ખાતો હતો. તેનું નામ સુરેશ ચંદ્રકાન્ત શાહ હોવાનું ગામના લોકો જણાવે છે, પરંતુ તેના કોઇ વાલી વારસની ખબર નથી. આ વર્ણનવાળા વ્યક્તિના જો કોઇ વાલી વારસ હોય તો કપરાડા પોલીસ સ્ટેશનનો સંપર્ક સાધવા જણાવાયું છે.

દ્વિચક્રી વાહનોના પસંદગીના નંબરો માટે તા.૩જીથી ઓનલાઈન હરાજી

હરાજીનું બીડિંગ તા.૭'મી સુધી ખુલ્લુ રહેશે

સુરત

સુરતના પાલ સ્થિત આરટીઓ દ્વારા દ્વિ-ચક્રીય વાહનોના GJ05.SM સિરીઝના ૧ થી ૯૯૯૯ માટેના પસંદગીના નંબરોની ઓનલાઈન હરાજી કરવામાં આવશે. ઓનલાઈન હરાજીની અરજી તા.૩/૧૨/૨૦૧૮ થી તા.૬/૧૨/૨૦૧૮ દરમિયાન કરી શકાશે. જેમાં http://parivahan.gov.in/fancy પર ઓનલાઈન ફોર્મ ભરી રજિસ્ટ્રેશન કરી પસંદગીના નંબરો મેળવવા ઈચ્છુક વાહન માલિકો ભાગ લઈ શકશે. હરાજીનું બિડિંગ તા.૬/૧૨/૧૮ ના રોજ બપોરે ૨.૦૦ વાગ્યાથી તા.૭/૧૨/૨૦૧૮ ના રોજ બપોરે ૨.૦૦ વાગ્યા સુધી ઓપન થશે.

અરજદારોએ સાત દિવસમાં ઓનલાઈન સી.એન.એ. ફોર્મ સબમિટ કરવાનું રહેશે. જો આ ફોર્મ રજૂ નહિ કર્યું હોય તો નંબરની ફાળવવા કરવામાં નહિ. વાહનના સેલ લેટરમાં સેલ તારીખથી ૬૦ દિનની અંદરના જ અરજદારો હરાજીમાં ભાગ લઈ શકશે.

દક્ષિણ ગુજરાતમાં તાપમાનનો પારો ગગડ્યો : વલસાડમાં ૧૪ ડિગ્રી તાપમાન

નવસારીમાં ૧૨ અને સુરતમાં ૧૮ ડીગ્રી લઘુત્તમ તાપમાન

સુરત

ઉત્તર ભારતથી ફૂંકાતી શિતલહેરની અસરથી દક્ષિણ ગુજરાતમાં તાપમાનમાં નોંધપાત્ર ઘટાડોથયો છે. મળસ્કે ફુલગુલાબી ઠંડીની સાથે શિયાળાનો ચમકારો અનુભવાયો હતો. આગામી દિવસોમાં શિયાળો જામે તેવી આગાહી છે.

સુરત હવામાન વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આજે શહેરનું અધિકત્તમ તાપમાન ૩૫.૨ ડિગ્રી અને ન્યુનત્તમ તાપમાન ૧૮.૫ ડિગ્રી નોંધાયું છે. હવામાં ભેજનુ પ્રમાણ ૫૪ ટકા અને હવાનું દબાણ ૧૦૧૭.૨ મીલીબાર નોંધાયું છે. શહેરમાં સવારથી જ ઉત્તર દિશાથી કલાકના ૫ કિલોમીટરની ઝડપે પવન ફૂંકાઈ રહ્યો છે. ઉત્તર દિશાથી ફૂંકાતા પવનના લીધે શહેરના ન્યુનત્તમ તાપમાનમાં ગતરોજની સરખામણીએ આજે વધુ એક ડિગ્રીનો ઘટાડો નોંધાયો છે.

નવસારી હવામાન વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આજે અધિકત્તમ તાપમાન ૩૪.૩ ડિગ્રી અને ન્યુનત્તમ તાપમાન ૧૨.૭ ડિગ્રી નોંધાયું છે. ગત રોજ નવસારીમાં ન્યુનત્તમ તાપમાનનો પારો ૧૫ ડિગ્રી નોંધાયો હતો. એક દિવસમાં સડસડાટ ૨.૫ ડિગ્રી તાપમાન ઘટતા ઠંડીનો ચમકારો વધ્યો હતો. વલસાડ હવામાન વિભાગથી કચેરી દ્વારા મળતી માહિતી મુજબ અધિકત્તમ તાપમાન ૩૪.૪ ડિગ્રી અને ન્યુનત્તમ તાપમાન ૧૪.૧ ડિગ્રી નોંધાયું છે. વલસાડમાં પણ ગત રોજની સરખામણીએ આજે ૨ ડિગ્રી ઠંડી વધી છે.

નર્મદા ના વનવિભાગના ઉચ્ચ અધિકારીએ ફોરેસ્ટર ને સામાન્ય બાબતે લાફો ઝીંકી દીધો

કામગીરીના દબાણ માં ઉચ્ચ અધિકારીઓ નાના કર્મચારીઓ પર અત્યાચાર કરી રહ્યા છે ..?

રાજપીપળા : નર્મદા જિલ્લામાં ગોરા ગામે નસરી ખાતે એક ફારેસ્ટ ના ઉચ્ચ અધિકારીએ ફારેસ્ટર ને સામાન્ય બાબતે લાફો ઝીકી દીધો હતો.જે કિસ્સો ટોક ઓફ ધી ટાઉન બન્યો છે પણ આ ઉચ્ચ અધિકારીને આવી રીતે મારવાની સત્તા કોને આપી, આધિકારીઓ નાના કર્મચારીઓને દબાવવા રોફ ઝાડવા પોતાની માનસિક સમતુલા ગુમાવી રહ્યા છે બિચારા કર્મચારીઓ નોકરીની બીકે માર ખાઈ લે છે ત્યારે આ આધિકારીએ કેમ નાના કર્મચારીને લાફો માર્યો હશે એ ચર્ચા એ જોર પકડ્યું છે

જાણવા મળ્યા મુજબ મુખ્યમંત્રી આવવાના હોય આગળ ૨૦ મી એ વડા પ્રધાન આવવાના હોય વન વિભાગ સહીત તમામ વિભાગો પર કામનું પ્રેસર છે, ત્યારે ગોરા ખાતે નર્સરી માં નર્મદા જિલ્લાના વન વિભાગના ત્રણથી ચાર ઉચ્ચ અધિકારીઓ ગયા જોકે ત્યાં હાજર ફોરેસ્ટર ને પાણી ની મોટર બાબતે કઈ આડું પડ્યું જેમાં આધિકારી એકદમ ગુસ્સે થઇ ગયા અને ફોરેસ્ટર ને ખેંચીને લાફો ઝીકી દીધો બિચારો કર્મચારી શુ બોલે તેની આંખમાં થી આંસુ નીકળી ગયા બાદમાં આધિકારી ને પોતાની ભૂલ સમજાતા સોરી કહ્યું પણ આ શબ્દ થી કર્મચારી નું માન સન્માન પાછું આવશે..?

હાલ તો નર્મદા વન વિભાગ અને સમગ્ર પંથક માં આ વાત ચર્ચા એ ચઢી હોય ત્યારે ક્યાં અધિકારી એ કોને લાફો માર્યો અને એનું કારણ શું એ બાબત જણવા લોકો માં કુતુહલ જાગ્યું છે .

વેસુના આગમ આર્કેડમાં આગની દુર્ઘટના

ક્યુરીક માઈન્ડ ટયુશન કલાસીસના સંચાલકો વિરુદ્ધ ગુનો દાખલ કરાયો

ઉમરા પોલીસ ફરિયાદી બની અને બેદરકારી અંગે વિવેક સુરેશ પાલાસંગ તથા પ્રભાત ઠાકુર પ્રતાપસિંગને આરોપી બનાવાયા

સુરત

વેસુના આગામ આર્કેડમાં લાગેલી ભીષણ આગમાં એક વિદ્યાર્થીનું સ્થળ ઉપર અને શિક્ષિકા પ્રિતીબેન નયનભાઈ પટેલનું સારવાર દરમિયાન ગઈકાલે મૃત્યુ થયું હતું. આ ઘટનાને પગલે આખરે ગઈકાલે મોડી રાત્રે ક્યુરીક માઈન્ડ કલાસીસના સંચાલકો વિરુદ્ધ ઉમરા પોલીસે બેદકારી સહિતના આરોપ સાથેનો ગુનો દર્જ કર્યો હતો. ઉમરા

પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ વેસુ આગામ આર્કેડની બે દિવસ પહેલા આગ લાગી હતી. આ ઘટનામાં બેના મોત થયા હતા. ક્યુરીક માઈન્ડ કલાસીસના વિદ્યાર્થી અને શિક્ષિકાનું મૃત્યુ થતા ઉમરા પોલીસ મથકના સબ ઈનસ્પેક્ટર જે.આર. શુકલે આરોપી વિવેક સુરેશ પાલસિંગ, પ્રભાત ઠાકુર પ્રતાપસિંગ (કલાસીસ સંચાલક) સામે ગુનો દાખલ કર્યો હતો. ફરિયાદમાં જણાવ્યા મુજબ આરોપીઓએ પોતાના કબજાના કલાસીસના પીટીશન પાડી નાના નાની ખેડ બનાવી હવા-ઉજાસ માટે અપુરતી વ્યવસ્થા રાખી આકસ્મિક સંજોગોમાં બહાર જવાની કે અંદર જવાની વ્યવસ્થા ન રાખી તેમજ અપૂરતા ફાયર સેફટીના સાધનો રાખી ગુનાહિત બેદરકારી દાખવી હતી. જેને કારણે આગમાં આર્કેડમાં આગ લાગતા વિદ્યાર્થી-શિક્ષિકાનું મૃત્યુ થયું હતું અને અન્ય વિદ્યાર્થીઓ ઈજાગ્રસ્ત થયા હતા. આમ ઘટના સમયે આરોપીઓની બેદરકારીને થયા હતા. ઉમરા પોલીસ મથકના પીઆઈ ગોરે તપાસ હાથ ધરી છે.



ભરૂચ હાઈવે પર કારને ટ્રેલર ચાલકે ટક્કર મારતા કારનો કચ્ચરઘાણ થઈ ગઈ હતીઃ અકસ્માતમાં ચાર લોકોને ઈજાઓ થઈ હતી

ભરૂચના નેશનલ હાઈવે ૪૮ ઉપર હોટલ ન્યાય મંદિર નજીકથી પસાર થતી અલ્ટો કાર અને ટ્રેલર વચ્ચે સર્જાયેલા અકસ્માતમાં કારમાં સવાર ૩ વ્યક્તિઓને નાની મોટી ઈજાઓ પહોંચી હતી. જયારે આ અકસ્માતમાં ૧ને ગંભીર ઈજાઓ પહોંચતા તમામને સારવાર અર્થે ૧૦૮ મારફતે ભરૂચ સિવિલ હોસ્પીટલમાં ખસેડવામાં આવ્યા હતા.

પ્રાપ્ત પ્રાથમિક વિગત અનુસાર ભરૂચ નેશનલ હાઈવે નંબર ૪૮ ઉપર આવેલ હોટલ ન્યાય મંદિર નજીકના રોડ ઉપર મહારાષ્ટ્રથી વડોદરા તરફ જઈ રહેલા ચાર મિત્રો કાર નંબર સ્૦૬-૧૦-છ૭૬૬૯૬ લઈને પસાર થઈ હતા. દરમિયાન અલ્ટો કારને પાછળથી પુરઝડપે આવી રહેલા ટ્રેલર નંબર ય્ન-૦૫-છ્ - ૧૮૪૦ના ચાલકે ટક્કર મારતા અકસ્માત સર્જાયો હતો.અકસ્માતમાં કારના ફૂડ્યા ઉડી ગયા હતા.

અકસ્માતમાં કારમાં સવાર.ચારેવ લોકો અંદર ફસાઈ ગયા હતાં. સ્થાનિકોની મદદથી ભારે જહેમત બાદ રાજુ પવાર (૩.વર્ષ.૪૦), ગણેશ સુથાર(૩.વર્ષ.૨૮) અને સંતોષ શિલ્પી (૩.વર્ષ.૨૯)તથા આસિફને ભારે જહેમત બાદ બહાર કાઢી સારવાર અર્થે ૧૦૮ મારફત ભરૂચ સિવિલ હોસ્પીટલ ખસેડ્યા હતા.

આ બનાવમાં ૩ વ્યક્તિઓને નાની-મોટી ઈજાઓ પહોંચી હોવાની અને એક વ્યક્તીને ગંભીર ઈજાઓ પહોંચી જેને વધુ સારવાર અર્થે ખાનગી હોસ્પિટલ માં લઈ જવામાં આવ્યો હતો.

નાંદોદ તાલુકાના નવારાજુવાડીયા માં બે બાળકોની માતા એ પ્રેમીના ચક્કરમાં આપઘાત કરતા ચકચાર

વડોદરા જિલ્લા ના બીથલી ગામ માં રહેતી બે બાળકો ની માતા ને ગામનાજ બે બાળકોના પિતા સાથે પ્રેમ થતા એક દિવસ પ્રેમી સાથે ગયા બાદ પ્રેમી પરત મૂકી જતા સમાજમાં બદનામી થતા ઝેરી ગોળીયો ખાઈ જતા મોત

પરણિત પુરુષ સાથે ના પ્રેમ સંબંધ માં પરણિતાએ સમાજમાં બદનામી થતા આપઘાત કર્યો

રાજપીપળા : વડોદરા જિલ્લા ના બીથલી ગામમાં રહેતા ફરીયાદી ઠાકોરભાઈ રમેશભાઈ પટેલ ની છોકરી નિપાબેન સાથે બીથલી ના નિતેષ મહેશભાઈ પટેલનો પ્રેમ સબંધ હોય જેથી ગઈ તા.૨૬/૧૧/૧૮ ના રોજ ફરીયાદીની છોકરી નિપાબેનને છેતરીને નિતેશ પિતા ના ઘરેથી નિપાબેન ને ભગાડી તેને રાખવા માટે લઈ ગયેલો અને પરત ગઈ તા.૨૭/૧૧/૧૮ ના રોજ સાંજના સાતેક વાગ્યાના સુમારે ફરીયાદીના ઘરે મુકી જતા સમાજમાં બદનામી થતા મરનાર નિપાબેનને સમાજમા બદનામ કરી મરવા માટે મજબુર કરી, આત્મહત્યા કરવા માટે દુષ્પ્રેરણ કરતા નિપાબેને નાંદોદ તાલુકા ના નવારાજુવાડીયા ગામમાં રહેતા એમના ફોઈ ને ત્યાં આવી ઝેરી ગોળીઓ ખાય જતા તેમનું મોત થયું હતું જેથી મૃતક નિપાબેન ના પિતા ઠાકોરભાઈ એ આમલેથા પોલીસ સ્ટેશને માં નિતેશ વિરુદ્ધ ફરિયાદ આપતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે તપાસ આમલેથા પી એસ આઈ એ એમ પરમાર કરે છે

આમલેથા પોલીસ ના જણાવ્યા મુજબ મરનાર નિપાબેન પરણિત હતા અને બે સંતાનો ની માતા હતા જયારે તેનો પ્રેમી નિતેશ પણ પરણિત અને બે સંતાનો નો પિતા હોવા છતાં લગ્ન બહાર ના આડા સંબંધ રાખતા આ ઘટના બની હતી જેનો કરુણ અંજામ આવ્યો .

વિશ્વ એઈડ્સ દિન નિમિત્તે નવસારીમાં રેડક્રોસ દ્વારા જનજાગૃતિ રેલીનું આયોજન

નવસારી

વિશ્વ એઈડ્ દિવસ એક ડિસેમ્બર જાગૃતિ અભિયાન માટે રેડક્રોસ, નવસારીમાં ઉપક્રમે અનેકવિધ કાર્યક્રમોનું આયોજન થયું છે. જૂનિયર રેડક્રોસ આરોગ્ય વિભાગ જિલ્લા પંચાયત વગેરેના સથવારે આ ઉજવણી થશે. રોગની ભયાનકતા સામે યુવા જગતને વધુ જાગૃત કરવામાં આવશે. આ અનુસંધાને તા.૧.૧૨.૨૦૧૮ શનિવારે સવારે ૯ કલાકે રેડક્રોસ ભવન સ્ટેશન રોડથી વિશાળ યુવા રેલીને ધારાસભ્ય પિયુષ દેસાઈ, પાલિકા નવસારીના પ્રમુખ કાંતિભાઈ પટેલ તથા કલેક્ટર એમ.ડી.મીડિયા પ્રસ્થાન કરાવશે. શાળા મહાશાળાઓના વિદ્યાર્થીઓની આ રેલી સ્ટેશન રેલવે ગરનાળાથી પસાર થઈ સરદાર પટેલ વિદ્યાભવન જલાલપોર હાઈસ્કૂલ પટાંગણમાં પહોંચી સભામાં પરિવર્તિત થશે. આ સભાને આર.જી. ગોહિલ, ડી.ડી.ઓ. જિલ્લા શિક્ષણ અધિકારી કે.એફ. વસાવા તથા સામાજિક કાર્યકારી માધુભાઈ કથીરિયા સંબોધશે અને શ્રેષ્ઠ ટુકડીઓને પારિતોષિક વિતરણ કરશે

વાગરાના ઓરા ગામની નહેરમાંથી અજાણ્યા યુવકનો મૃતદેહ મળી આવ્યો



વાગરાના ઓરા ગામની નહેરમાંથી અજાણ્યા યુવકનો મૃતદેહ મળી આવ્યો હતો.વાગરા પોલીસે લાશનો કબજો મેળવી પી.એમ અર્થે રેફરલ હોસ્પિટલ મોકલી આપી અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર વાગરા તાલુકાના ઓરા ગામેથી પસાર થતી નહેરમાંથી આશરે ૩૨ વર્ષ જેટલી ઉંમર ધરાવતા અજાણ્યા યુવકની લાશ તરતી હોવાની નજરે પડી હતી.મૃતક યુવાન અંગે ઓરાના નહેર નજીક બકરાં ચારતા રાજ ભરાતસંગે જોતા તેણે વાગરા પોલીસ મથકે જાણ કરી હતી. પોલીસે ઘટના સ્થળે પહોંચી લાશને બહાર કાઢી પી.એમ અર્થે વાગરા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે મોકલી આપી હતી.હાલમાં તો પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી મૃતકના વાલી વરસોની શોધખોળ આરંભી છે.યુવકનુ મોત ડૂબી જવાથી થયુ છે કે અન્ય કોઈ કારણોસર તેતો મૃતકના પી.એમ. રિપોર્ટ બાદ જ ખબર પડી શકાશે. બનાવની જાણ લોકોને થતા ઘટના સ્થળે લોકટોળા એકત્રિત થયા હતા.

ડેડીયાપાડા ના ખરચીપાડા પાસે કાર પલટી ખવડાવનાર ચાલાક નું મોત

રાજપીપળા : નર્મદા જિલ્લા ના ડેડીયાપાડા તાલુકા ના ખરચીપાડા ગામ પાસે ના વળાંક માં પુરપાટ જતી કાર પલટી ખાતા કાર ચાલાક નું મોત નીપજ્યું છે

મરણજનાર વિજયભાઈ રમેશભાઈ વસાવા રહે, ખરચીપાડા તા.ડેડીયાપાડા જી.નર્મદા પોતાના કબ્જામાંનીઈકો ગાડી નં જીજે ૨૨ એચ ૨૪૬૨ની પુરઝડપે હંકારી લાવી ગાડી ઉપરનો કાબુ ગુમાવી રોડની સાઈડમાં પલ્ટી ખવડાવી પોતાને શરીરે ગંભીર ઈજાઓ પહોચાડી પોતાનુ સ્થળ ઉપર મોત નિપજાવી ગુનો કર્યો આ બાબતે રમેશ શાંતિલાલ વસાવા રહે,ડેડીયાપાડા એ ફરિયાદ આપતા પોલીસે ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે.તપાસ ડી.એ ક્રીશ્ચયન ઈંચાર્જ પો.સ.ઈ ડેડીયાપાડા કરી રહ્યા છે.

નેત્રંગ પોસ્ટઓફીસ સામે વરલી મટકાનો જુગાર રમતા ચાર ઈસમોને ઝડપી પાડતી ભરૂચ એલ.સી.બી.



વડોદરા રેન્જ તથા ભરૂચ જીલ્લા પોલીસ અધિક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસમા સાહેબ તરફથી જિલ્લામાં દારૂ - જુગાર સદંતરપણે નાબુદ કરવા સુચના હોય જે અનુસંધાને ભરૂચ એલ.સી.બી.ના ઈન્ચાર્જ પોલીસ ઈન્સપેક્ટર ઘડુક સાહેબના માર્ગદર્શન મુજબ પો.સ.ઈ. એ.એસ.ચૌહાણ તથા પો.સ.ઈ. વાય.જી.ગઢવી તથા એબ્રૂ.સી.બી. સ્ટાફ ના માણસોએ મળેલ માહીતીના આધરે નેત્રંગ શહેરમા પોસ્ટ ઓફીસ સામે પાનના ગલ્લાની બાજુમા ખુલ્લી જગ્યામા વરલી મટકાનો જુગાર રમતા ચાર આરોપીઓને પકડી પાડેલછે

પકડાયેલ આરોપીઓના નામ-(૧)મોતીભાઈ દેવાભાઈ હુડીયાભાઈ વસાવા રહે.રોડ્વાળુ ફળીયુ જુના નેત્રંગ તા.નેત્રંગ જી. ભરૂચ(૨) મિતેષભાઈ મણીલાલ વસવા રહે,રોડવાળુ ફળીયુ જુના નેત્રંગ તા.નેત્રંગ જી. ભરૂચ(૩) ચતુરભાઈ શરદભાઈ વૃસાવા રહે, રોડ્વાળુ ફળીયુ જુના નેત્રંગ તા.નેત્રંગ જી.ભરૂચ(૪) રમણભાઈ અમરસીંગ વસાવા રહે, રામકોટ નીશાળા ફળીયુ તા.નેત્રંગ જી.ભરૂચ વોન્ટેડ આરોપીનુ નામ-અબ્દુલ મજીદ ઉર્ફે મજો અબ્દુલ રશીદ ઉર્ફે બાબુ પઠાણ રહે. દર્શન નગર તા.નેત્રંગ જપ્ત કરેલમુદ્દામાલ-અંગઝડતીના રોકડા રૂપિયા-૧૫,૫૪૦/- તેમજ મોબાઈલ નંગ-૩ કી.રૂ.૧,૫૦૦/- આમ કુલ્લે મુદ્દામાલ કિ.રૂ. ૧૭,૦૪૦ /-નો મુદ્દામાલ પકડી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

રાજપીપળા આદર્શ નિવાસી શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીનું અપહરણ

ધોરણ દસ માં અભ્યાસ કરતો વિપુલ વસાવા દિવાળીની રજા માં ઘરે ગયા બાદ પિતા એ રાજપીપળા શાળા માં આવવા ડેડીયાપાડા થી બસ માં બેસાડી મોકલ્યા બાદ લાપતા

રાજપીપળા : નર્મદા જિલ્લા ના ડેડીયાપાડા તાલુકા ના ભૂતબેડા ગામમાં નિશાળ ફળિયા માં રહેતા નરેશભાઈ ગંભીરભાઈ વસાવા પોતે ખેડૂત છે એમનો પુત્ર મિતુલ વસાવા (૧૫) રાજપીપળા આદર્શ નિવાસી શાળા માં રહી ધોરણ દસ માં અભ્યાસ કરતો હોય પરંતુ દિવાળી ની રજા માં એ પોતાના ઘરે ભૂતબેડા આવ્યો ત્યારબાદ બે ત્રણ દિવસ માં શાળા ચાલુ થવાની હોય પિતા નરેશભાઈ એને ગત તારીખ ૨૩ નવેમ્બર ના રોજ બપોરે ૨.૩૦ વાગે ડેડીયાપાડા થી રાજપીપળા જતી બસ માં બેસાડી બસ ઉપડ્યા બાદ ઘરે ગયા પરંતુ બીજા દિવસે ખબર પડી કે મિતુલ શાળા એ પહોંચ્યો નથી ત્યારે પરિવાજનો એ તેની તમામ જગ્યા એ શોધખોળ કરવા છતાં એનો ક્યાંયે પતો ન લાગતા પિતા નરેશભાઈ એ ડેડીયાપાડા પોલીસ માં ફરિયાદ આપતા પોલીસે મિતુલ ને કોઈ અજાણ્યો વ્યક્તિ ક્યાંક અપહરણ કરી લઈ ગયો હોવાની ફરિયાદ દાખલ કરી શોધખોળ શરૂ કરી છે. હવે મિતુલ નું અપહરણ થયું કે એ પોતે ક્યાંક ચાલ્યો ગયો હશે..? એ દિશા માં પોલીસ તપાસ કરશે પરંતુ એના પિતા નરેશભાઈ ના જણાવ્યા મુજબ એ અગાઉ પણ ઘણી વખત રીતે ડેડીયાપાડા થી બસ માં રાજપીપળા એકલો ગયેલો છે ત્યારે આ વખતે ક્યાં ગયો કે શું થયું એ તપાસ નો વિષય છે હાલ તો પોલીસે અપહરણ નો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

ભરૂચના દહેજ ખાતે આવેલી જીએફએલ કંપનીમાં ગેસ ગળતર થતા દોડધામ મચી હતી



ભરૂચના દહેજ ખાતે ગુજરાત ફ્લોરો લિમિટેડ કંપની બુધવારના રોજ સાંજના સમયે એફ.આઈ પાલન્ટની લાઈનમાંથી લીકેજનાં પગલે કેમિકલ વછુંટતા ૪ થી કામદારોને અસર પોહચી હતી. તેવોને શ્વાસ લેવામાં તકલીફ પડતાં કંપની મેનેજમેન્ટ દ્વારા પ્રથમ ચારને પ્રાથમિકના સારવાર અર્થે કંપનીમાં હેલ્થ સેન્ટર ખાતે લઈ જવામાં આવ્યા હતા.ત્યાર બાદ વધુસારવાર અર્થે ખાનગી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતાં.

કેમિકલ ક્યુ હતુ તે અંગે ની વિગતો બહાર આવી નથી. જોકે ગેસ ગળતર થયાની વાતે ભારે અફરાતફરી મચી જવા સાથે તંત્ર અને પોલીસ દોડતી થઈ ગઈ હતી. ક્યાં કારણોસર પાઈપ લાઈનમાંથી લીકેજ થયુ તેં અંગે ઈન્ડસ્ટ્રીયલ એન્ડ સેફ્ટી હેલ્થ તેમજ જીપીસીબી એ વધું તપાસ હાથ ધરી છે

અત્રે ઉલ્લેખનીય છે કે,ગુજરાત ફ્લોરો કંપનીમાં અવારનવાર કોઈને કોઈ હદશાઓ થતા રહે છે.જેના કારણે કંપનીમાં કામ કરતા કામદારોમાં ભયનો માહોલ છવાઈ ગયો છે.

માંડવી પાસેના હરીપાલ ગામ નજીક છકડો રિક્ષા અને ટેમ્પા વચ્ચે ટક્કરમાં ચાર મજૂરોના મોત થયા



ટેમ્પાએ જોરદાર ટક્કર મારતા મજૂરોથી ભરેલો છકડો પલટી જતાં ગંભીર દુર્ઘટના : છ મજૂરો ઘાયલ

સુરત

આજે સવારે આઠેક વાગ્યાના સુમારે કિમ માંડવી નજીક આવેલ હરિયાલ ગામ પાસે મજૂરોની ભરેલી છકડો રિક્ષા અને ટેમ્પો સામ ામે અથડાતા ગંભીર અકસ્માત સર્જાયો હતો. રિક્ષા પલટી જતા ૪ મજૂરોના ઘટના સ્થળેથી કરુણ મોત નિપજ્યા હતા જ્યારે ૬ ગંભીર રીતે ઘાયલ થયા હતા.

સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ માંડવીના હરિયાલ ગામ પાસે આજે સવારે છકડો રિક્ષા અને ટેમ્પો વચ્ચે અકસ્માત સર્જાયો હતો. બન્ને વાહનો સામ સામે અથડાતા ગંભીર અકસ્માત દરમિયાન છકડા રિક્ષા પલટી ખાઈ ગઈ હતી.ફ રિક્ષામાં બેસેલ મજૂરો ગંભીર રીતે ઘવાયા હતા. જે પૈકી બળદેવ મોહન ગામીત (રહે. ગામ ડુંગરી) ભલીબેન ખંડુભાઈ ગામીત (રહે. ગામ ડુંગરી) મનસુખ છગનભાઈ ગામીત (રહે. ગામ ડુગરી) મહેશ રમણ વસાવા રહે. ગામ વેરાકુઈનું ઘટના સ્થળે જ કરૂણ મોત નીપજ્યું હતું. જ્યારે છકડામાં બેસેલ અન્ય ૬ મજૂરો ગંભીર રીતે ઘાયલ થયા હતા. દુર્ઘટના બાદ ઘટના સ્થળે પહોંચેલ ૧૦૮ દ્વારા ઘાયલોને નજીકની હોસ્પિટલમાં લઈ જવાયા તા. ત્યાંથી વધુ સારવાર માટે સુરતની સ્મીમેર હોસ્પિટલમાં ખસેડાયોછે. બનાવ અંગે પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

બહુ જ મોટી ખુશ ખબર.. નસો સુકાઇ જવાથી આવતી કાનની તમામ પ્રકારની બહેરાશ

ઓપરેશન, મશીન કે સર્જરી વગર

સાંભળવાની ક્ષમતા વધારવા અને કાનના તમામ રોગો માટેની સારવાર

તમામ ઉંમરના,તમામ પ્રકારનાં લોકો અને બહેરા-મુંગા માટે આ ટ્રીટમેન્ટ વરદાનરૂપ

અમદાવાદમાં ૩૬ૃ૫ દિવસ અને હવે સુરતમાં કેમ્પ તા.1st અને 2nd ડિસેમ્બરે

કેમ્પનું સ્થળ: આ વખતના સુરતના કેમ્પનું સ્થળ આ જ સરનામા પર રાખેલ છે. બી હેપ્પી ગેસ્ટ હાઉસ, ચોથા માળે, ૪૧૭-૪૧૮, મેઘાણી ટાવર, સિનેમા રોડ, દિલ્હી ગેટ, સુરત-૩૯૫૦૦૨

તમરાનો સ્પેશિયલ ઈલાજ મળશે ● વગર કોક્લિયર ઈમ્પલાન્ટેશને બહેરાશની સારવાર ● ઓપરેશનમાં બગડેલા કાનની પણ સારવાર

અમદાવાદ સિવાય અમારી કોઇપણ પ્રતિશાખા રાખેલ નથી. Declaration:- No Claim - No Propoganda treatment by register practitioner Doctors

વહેલા તે પહેલો સંપર્ક-9099996721 /22/23 અને 9099996730 ઇમરજન્સી No:- 9824853302

કાયમી સરનામું:-પ્રવિણ સુરાના-ડેફ ક્યોર સેન્ટર (કર્ણદોષ નિવારણ કેન્દ્ર),અમદાવાદ ઇ-૧,ચારૂલ ફ્લેટ, બેંક ઓફ મહારાષ્ટ્રની ગલીમાં,સહજાનંદ કોલેજની બાજુમાં, પાંજરા પોલ સર્કલ, આંબાવાડી, અમદાવાદ-૧૫

















